RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 175* Date: 23.04.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારતમાં કોરોના ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૨૦ હજારને પાર

# ૨૪ કલાકમાં ૧,૩૮૩ નવા કેસ, ૫૩ લોકોનાં મોત

*ન્યુ દિલ્હી,તા.૨૨*

દુનિયાભરમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના મહામારીએ ભારતમાં પણ ચિંતાજનક પરસ્થિતિનું નિર્માણ કર્યું હોય તેમ સમગ્ર દેશમાં કોરોનાવાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. કોરોના ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૨૦ હજારને પાર કરી ગઇ છે. દેશમાં આ વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૨૦,૦૮૦ થઈ છે. તેમાંથી, ૧૫,૪૬૦ સક્રિય કેસ છે જ્યારે ૩,૯૭૫ દર્દીઓ સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી આ વાયરસથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૬૪૫ પર પહોંચી ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧,૩૮૩ નવા કેસ નોંધાયા છે અને ૫૩ લોકોનાં મોત નીપજયાં છે. તે સાથે, દેશભરમાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા વધીને ૧૯,૯૮૪ થઈ છે, જેમાંથી ૧૫,૪૭૪ સક્રિય છે, ૩,૮૭૦ લોકો સ્વસ્થ થયા છે અથવા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યા છે અને ૬૪૦ લોકો મૃત્યુ પામ્યા છે. દરમ્યાનમાં ડોક્ટરો દ્વારા આવતીકાલ ૨૩મીની એક દિવસની પ્રતિક હડતાલ કેન્દ્ર સરકારના ગૃહમંત્રી અમિત શાહની સમજાવટ અને સુરક્ષાની ખાતરીના પગલે મોકૂફ રાખવામાં આવી છે. ડોક્ટરો પર હાલમાં વધી રહેલા હુમલાઓને લઇને ડોક્ટરોના સંગઠન દ્વારા ૨૩મીએ એક દિવસની હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સૌથી વધુ મોત થયા છે એમ કહીને સૂત્રોએ કહ્યું કે, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં કોરોનાવાયરસથી સૌથી વધુ મૃત્યુ થયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૫૧ લોકોનાં મોત નીપજ્યાં છે. જ્યારે રાજ્યમાં કોવિડ -૧૯ ચેપના ૫,૨૧૮ કેસ નોંધાયા છે. ત્યારબાદ, ગુજરાતમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો હતો અને ચેપગ્રસ્તની સંખ્યા વધીને ૨,૧૭૮ થઈ ગઈ છે. અહીં સુધીમાં ૯૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. તે જ સમયે, મધ્યપ્રદેશના કિસ્સામાં, કોવિડ -૧૯ ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧,૫૫૨ થઈ છે જ્યારે મૃત્યુઆંક ૮૦ છે.

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા ૨૦,૩૨૮ થઈ ગઈ અને ૬૫૨ લોકોના મોત થયા છે. હવે ભારત અમેરિકા, સ્પેન, ઈટલી, ફ્રાન્સ, જર્મની, બ્રિટન સહિત એ ૧૭ દેશમાં સામેલ થઈ ગયું છે, જ્યા સંક્રમણના ૨૦ હજારથી વધારે કેસ છે. બુધવારે મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરેના આવાસ પર તહેનાત એક પોલીસકર્મી કોરોના પોઝિટિવ મળી આવ્યો છે. રાજસ્થાનમાં ૬૪ અને ઓરિસ્સામાં ૩ નવા દર્દી મળ્યા છે. દેશમાં મંગળવાર રાત સુધી ૧૫૩૭ નવા દર્દી સામે આવ્યા હતા. આ સંખ્યા સતત ચોથા દિવસે ૧ હજારથી વધારે છે. ગઈકાલે રેકોર્ડ ૭૦૨ દર્દી સાજા થયા છે.

બુધવારે પંજાબથી ૨૪૩ NRIને લઈને કતાર એરવેઝનું વિમાન રવાના થયું છે. આ વિમાન પહેલા દોહા અને પછી કેનેડા જશે. દિલ્હીમાં આઝાદપુર શાકભાજી મંડી ખોલવામાં આવી છે. અહીંયા મંગળવાર રાત ૧૦ વાગ્યાથી બુધવાર સવાર સુધી વાહનોની અવર જવર ચાલું રહેશે, આનાથી મંડીની આસપાસના વિસ્તારમાં જામ લાગી ગયો છે. મંડીમાં શાકભાજી અને ફળોનું વેચાણ સવાર ૬ થી ૧૦ વાગ્યા સુધી કરવામાં આવશે.

રાજધાની દિલ્હીમાં પણ કોરોના ચેપનો મામલો વધી રહ્યો છે. રાજધાનીમાં અત્યાર સુધીમાં ૨,૧૫૬ કેસોમાં કોરોનાવાયરસ ૧,૪૯૮ સક્રિય કેસ છે. જ્યારે કોવિડ -૧૯ રોગચાળાને કારણે ૪૭ લોકોનાં મોત નીપજ્યાં છે, ૬૧૧ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા છે.

કોરોના સંકટ વચ્ચે ઉત્તરાખંડ ખાતે આવેલા કેદારનાથ મંદિરના કપાટ ૨૯ એપ્રિલે ખુલશે. રુદ્રપ્રયાગ જિલ્લાના ડીએમ મંગેશ ઘિલ્ડિયાલે કહ્યું કે, આ અવસરે મુખ્ય પૂજારી સહિત કુલ ૧૬ લોકો હાજર રહેશે. કોઈ પણ શ્રદ્ધાળુઓને દર્શનની મંજૂરી આપવામાં નહીં આવે.હરિયાણા સરકારે ચીનની કંપનીને આપેલો ૧ લાખ રેપિડ કીટનો ઓર્ડર રદ કર્યો છે. ચીન બમણો ભાવ લઈ રહ્યું છે. હરિયાણાની ખટ્ટર સરકારે હવે આ કીટ સાઉથ કોરિયાની કંપની પાસેથી લેવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ અન્ય ઘણા રાજ્યોની સરકારોએ તેની ક્વોલિટી પર સવાલ ઉઠાવ્યો છે.

### સર્વે અનુસાર મોદીની લોકપ્રિયતા ૬૮ ટકા દર્શાવાઈ

## કોરોના સંકટ વચ્ચે વડાપ્રધાન મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બન્યા



ન્યુ દિલ્હી,તા.૨૨

કોરોના વાયરસના મહાસંકટ દરમિયાન લોકપ્રિયતાની દ્રષ્ટિએ, ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, વિશ્વના નેતાઓને હરાવીને પ્રથમ સ્થાન પર પહોંચી ગયા છે. તાજેતરના એક સર્વેમાં પીએમ મોદીની લોકપ્રિયતા ૬૮ ટકા હોવાનું દર્શાવવામાં આવ્યું છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં ૩ ટકાનો ઘટાડો થયો છે. યુએસ સ્થિત ગ્લોબલ ડેટા ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટે પોલિટિકલ ઈન્ટેલિજન્સ અનુસાર, ૧૪ એપ્રિલે પીએમ મોદીનું રેટિંગ ૬૮ ટકા હતું, જે વર્ષની શરૂઆતમાં ૬૨ ટકા હતું.

પીએમ મોદીના રેટિંગમાં સુધારાનું કારણ એ છે કે તે કોરોના વાયરસ સામે લડવાને લઈને તેમની તૈયારી છે. તેઓએ ૨૫ માર્ચે દેશમાં લોકડાઉન કરવાની ઘોષણા કરી હતી જે ૧૪ એપ્રિલના રોજ ૧૯ દિવસ માટે લંબાવવામાં આવી હતું. તે જ સમયે, તેમણે રોગચાળા સાથે સંકળાયેલા વૈશ્વિક નેતાઓને એક કરવા પ્રયાસ કર્યો. વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા સાર્ક દેશોની મીટિંગ હોય કે જી -૨૦ દેશોની બેઠક યોજવાની પહેલ.

આ બધા કારણોથી મોદીની લોકપ્રિયતામાં વધારો થયો છે. આ ઉપરાંત, તેમણે આવશ્યક દવાઓના નિકાસમાંથી પ્રતિબંધ દૂર કરવાની પહેલ કરી છે, જેને વિશ્વભરના દેશોએ સ્વીકાર્યું છે.

તાજેતરના ગેલપ પોલ મુજબ, મધ્ય માર્ચમાં યુ.એસ. માં લાદવામાં આવેલા લોકડાઉન સમયે ટ્રમ્પની લોકપ્રિયતા ૪૯ ટકા હતી, જે હવે ઘટીને ૪૩ ટકા થઈ ગઈ છે. કોરોના વાયરસથી યુ.એસ. માં અત્યાર સુધીમાં ૪૦,૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે અને ટ્રમ્પ પ્રશાસન આલોચનાના કેન્દ્રમાં છે. કોરોના સંકટ પણ બીજી વખત રાષ્ટ્રપતિ બનવાના રસ્તામાં પણ આવી રહ્યું છે. જાપાનના પીએમ શિંઝો આબે સૌથી નીચે છે. બીજા નંબર પર મેક્સિકોના રાષ્ટ્રપતિ આન્દ્રે મેન્યુઅલ લોપેજ ઓબ્રાદાર છે.

### ડોક્ટરો પર થતા હુમલા રોકવા મોદી સરકારે નવો વટ હુકમ બહાર પાડ્યો

## આરોગ્ય કર્મચારીઓ પર હુમલા બદલ સાત વર્ષની સજા: ૫ લાખનો દંડ

ન્યુ દિલ્હી,તા.૨૨

કોરોના વાયરસનાં મહાસંકટની વચ્ચે સ્વાસ્થ્ય કર્મચારીઓ પર સતત થઈ રહેલા હુમલા પર મોદી સરકારે મોટો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારનાં કેન્દ્રિય કેબિનટની બેઠકમાં એક વટહુકમ પાસ કરવામાં આવ્યો છે, ત્યારબાદ હવે સ્વાસ્થ્ય કર્મચારીઓ પર હુમલો કરનારાઓની વિરુદ્ધ કડક પગલા લેવામાં આવશે. આમાં ૩ મહિનાથી ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જેલની સજા ઉપરાંત રૂપિયા એક લાખથી રૂપિયા પાંચ લાખનો દંડ કરવાની પણ જોગવાઈ રજૂ કરવામાં આવી છે. કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે કેબિનેટ બેઠકમાં લીધેલા નિર્ણયોની જાણકારી આપી.




કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, "આજે અનેક ડૉક્ટરોની વિરુદ્ધ હુમલાની જાણકારી સામે આવી રહી છે. સરકાર આને સહન નહીં કરે. સરકાર આને લઈને વટહુકમ લાવી છે." મંત્રીએ કહ્યું કે, "મેડિકલ કર્મચારીઓ પર હુમલો કરનારાઓને જમાનત નહીં મળે, ૩૦ દિવસની અંદર આની તપાસ પુરી થશે. ૧ વર્ષની અંદર નિર્ણય લેવામાં આવશે, જયારે ૩ મહિનાથી ૫ વર્ષ સુધીની સજા થઈ શકે છે. આ ઉપરાંત ગંભીર કેસમાં ૬ મહિનાથી ૭ વર્ષની સજાની જોગવાઈ છે. ગંભીર કેસમાં ૫૦ હજારથી ૨ લાખનો દંડ પણ લગાવવામાં આવશે."

વટહુકમ પ્રમાણે, જો કોઈએ સ્વાસ્થ્ય કર્મચારીની ગાડી પર હુમલો કર્યો તો માર્કેટ વેલ્યૂથી બમણી વસૂલી કરવામાં આવશે. પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, "દેશમાં હવે ૭૨૩ કોવિડ હૉસ્પિટલ છે, જેમાં લગભગ ૨ લાખ બેડ તૈયાર છે. આમાંથી ૨૪ હજાર આઈસીયૂ બેડ છે અને ૧૨ હજાર ૧૯૦ વેન્ટિલેટર છે, જ્યારે ૨૫ લાખથી વધારે ᴅ૯૫ માસ્ક પણ છે. આ ઉપરાંત ૨.૫ કરોડનાં ઑર્ડર આપી દેવામાં આવ્યા છે."

વડાપ્રધાન નિવાસસ્થાને પીએમ મોદીની આગેવાનીમાં થયેલી બેઠકમાં કોરોના વાયરસની વર્તમાન અસર અને લોકડાઉનની સમીક્ષા કરવામાં આવી. આ ઉપરાંત આર્થિક સ્થિતિ પર પણ ચર્ચા થઈ. કેન્દ્ર સરકાર તરફથી પહેલા પણ રાહત તરીકે ૧ લાખ સત્તર હજાર રૂપિયાનાં આર્થિક પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદી આ પહેલા પણ વિડીયો કોન્ફરન્સ દ્વારા કેબિનેટ મંત્રીઓ, રાજયનાં મુખ્યમંત્રીઓની સાથે વાતચીત કરતા આવ્યા છે.

સ્વાસ્થ્ય કર્મચારીઓ પર હુમલો થશે તો કાયદો આ રીતે કામ કરશે:-

- આરોગ્ય કર્મચારી પર હુમલો અને બિનજામીનપાત્ર ગુનો માનવામાં આવશે
- તપાસ અધિકારીએ ૩૦ દિવસમાં તપાસ પૂરી કરવાની રહેશે
- આ પ્રકારના ગુનામાં ૩ મહિનાથી ૫ વર્ષની સજા તથા ૫૦ હજારથી ૨ લાખ સુધી દંડ થઈ શકે છે
- ગંભીર ઈજાની સ્થિતિમાં ૬ મહિનાથી ૭ વર્ષની સજા અને એક લાખથી ૫ લાખ સુધીની સજા
- આરોગ્ય કર્મચારીના વાહન અથવા ક્લિનિકને નુકસાન થતા માર્કેટ વેલ્યુના બે ગણી રકમ હુમલાખોરો પાસેથી વસુલ કરવામાં આવશે

## કોરોનાની રફતાર: ૧૦ હજારથી ૨૦ હજાર કેસ થવામાં ફક્ત ૮ દિવસ લાગ્યાં

ન્યુ દિલ્હી,તા.૨૨

આજે કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા આજે ૨૦ હજારની નજીક પહોંચી ગઈ છે. તે જ સમયે, મૃત્યુઆંક પણ વધીને ૬૪૦ થઈ ગયો છે. મોટી વાત એ છે કે દેશમાં કોરોના વાયરસના કેસો ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા આઠ દિવસમાં ચેપના કેસો દસ હજારથી વધીને વીસ હજાર થઈ ગયા. એટલે કે, માત્ર ૧૦ દિવસમાં આ સંખ્યા બમણી થઈ ગઈ.

દેશમાં ચેપનો પહેલો કેસ ૩૦ જાન્યુઆરીએ કેરળમાં જોવા મળ્યો હતો. આ પછી, કેસ દિવસેને દિવસે વધતા ગયા. ૧૪ એપ્રિલના રોજ દેશમાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૦ હજારને વટાવી ગઈ હતી અને ૩૩૯ લોકોનાં મોત નીપજયાં હતાં. દેશમાં દસ હજાર કેસ પહોંચવામાં ૭૪ દિવસનો સમય લાગ્યો હતો. આજે ૨૨ એપ્રિલના રોજ માત્ર આઠ દિવસમાં આ કેસ વધીને ૨૦ હજાર થઈ ગયા છે.

તે જ સમયે, આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર, આઠ દિવસમાં ૩૦૧ લોકોનાં મોત નીપજયાં છે. આનો અર્થ એ કે મૃત્યુ પામેલા લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે દર્દીઓના સ્વસ્થ થવાની ટકાવારી ૧૪.૭૫ થી વધીને ૧૭.૪૮ થઈ છે. તે જ સમયે, ૨૩ રાજયોમાં ૬૧ જિલ્લાઓ છે જેમાં છેલ્લા ૧૪ દિવસથી ચેપના કોઈ કેસની પુષ્ટિ થઈ નથી.

દેશમાં સૌથી વધુ કોરોના કેસ મહારાષ્ટ્રમાં છે, જયાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૫૨૧૮ છે. તે પછી ગુજરાત છે, જયાં ૨૧૭૮ કેસ છે. ત્રીજા નંબરે, રાજધાની દિલ્હીમાં ૨૧૫૬, રાજયમાં ૧૬૫૯, તમિળનાડુમાં ૧૫૯૬, ઉત્તર પ્રદેશમાં ૧૫૯૨, તેલંગાણામાં ૯૨૮, આંધ્રપ્રદેશમાં ૭૫૭ અને કેરળમાં ૪૨૮ કેસ છે.

### ફેસબુકે જિયોમાં ૯.૯૯% હિસ્સો ખરીદ્યો

## લોકડાઉનમાં મોટી ડીલ, ફેસબુકે જિયોમાં ૪૩ હજાર કરોડનું રોકાણ કર્યુ

મુંબઈ,તા.૨૨

અમેરિકાની જગવિખ્યાત ટેક્નોલોજી, સોશિયલ મિડિયા કંપની ફેસબુકે રિલાયન્સ જિયોમાં ૯.૯૯% હિસ્સો ખરીદ્યો છે. એ માટે તેણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ટેલિકોમ કંપનીને રૂ. ૪૩,૫૭૪ કરોડ ચૂકવ્યા છે. ૫.૭ અબજ ડોલરના આ સોદા સાથે ફેસબુક જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડમાં સૌથી મોટી માઈનોરિટી શેરહોલ્ડર બની છે.રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે દુનિયાભરમાં કોઈ ટેક્નોલોજી કંપનીએ આટલી મોટી રકમમાં માઈનોરિટી હિસ્સો ખરીદ્યો હોય એવો આ પહેલો જ પ્રસંગ છે. ભારતમાં ટેક્નોલોજી સેક્ટરમાં પણ આ સૌથી મોટું એફડીઆઈ મૂડીરોકાણ છે.ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગે કહ્યું છે કે રિલાયન્સ જિયો અને ફેસબુક મળીને ભારતમાં લોકોને બિઝનેસની નવી તકો પૂરી પાડશે. ફેસબુક સાથેની આ ભાગીદારીને કારણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પર દેવાનો બોજો હળવો થશે. જ્યારે ફેસબુકને ભારતમાં ઝડપથી વિકાસ પામતી અને વિશાળ-ધરખમ માર્કેટમાં અંકુશ જમાવવાની તક પૂરી પાડશે.

ફેસબુક કંપની તાજેતરના વર્ષોમાં ભારતમાં એક જબરદસ્ત માર્કેટ તરીકે ઉભરી આવી છે. દુનિયાના કોઈ પણ દેશ કરતાં ભારતમાં ફેસબુકના વધારે યુઝર્સ છે. તેની સેટ સર્વિસ વોટ્સએપ તો ભારતમાં ૩૪ કરોડ યુઝર્સ ધરાવે છે.ફેસબુકે કહ્યું છે કે ભારતમાં નાના વેપારીઓ એકબીજા સાથે આસાનીથી જોડાઈ શકે એ માટે તે પોતાના મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપને રિલાયન્સની ઈ-કોમર્સ કંપની જિયોમાર્ટ સાથે સહયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ઈંન્ના ચેરમેન મુકેશ અંબાણીએ ફેસબુક સાથેની ભાગીદારી અંગે કહ્યું છે કે ૨૦૧૬માં જ્યારે રિલાયન્સે જિયોની સ્થાપના કરી હતી ત્યારે અમે પ્રત્યેક ભારતીયનું જીવનધોરણ સુધારવા માટે અને ભારતને વિશ્વના ડિજિટલ સમાજમાં મોખરાનું સ્થાન અપાવવા ભારતના 'ડિજિટલ સર્વોદય'નું સપનું સેવ્યું હતું. તેથી ભારતની ડિજિટલ ઈકોસિસ્ટમનો વિકાસ કરવા અને તમામ ભારતીયોને લાભ અપાવવા માટે રિલાયન્સમાં અમે સૌ ફેસબુકને અમારા લોન્ગ-ટર્મ ભાગીદાર તરીકે આવકારીએ છીએ.

## દુનિયાભરમાં કોરોનાના ૨૫ લાખથી વધુ કેસ: ૧.૭૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યો

વોશિંગ્ટન,તા.૨૨

વિશ્વભરમાં કોરોનાના ૨૫.૫૭ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૧.૭૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૬ લાખ ૯૦ હજાર ૪૪૫ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.

અમેરિકાની વાત કરીએ તો અમેરિકામાં ૮.૧૯ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે. ૪૫ હજાર ૩૪૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૮૦૪ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકામાં ૬૦ દિવસ સુધી પ્રવાસીઓને આવવા ઉપર પ્રતિબંધ રહેશે.

અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૫૯૮૫ કેસ નોંધાયા છે. વોશિંગ્ટન પોસ્ટ મુજબ ફોર ડિસિસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના ડાયરેક્ટર રોબર્ટ રેડફિલ્ડે ચેતવણી આપી છે કે કોરોનાની બીજી લહેર વધારે વિનાશકારી હશે. બીજી સંભાવા એ છે કે આગામી ઠંડીની મોસમમાં આપણે ફરી મહામારીના ભરડામાં આવી જશું.

ભીડ ભેગી ન કરવાના જર્મની સરકારના પ્રતિબંધના કારણે ૨૭ સપ્ટેમ્બરના રોજ યોજાનાર બર્લિન મેરેથોનને સ્થિગિત કરવાનો નિર્ણય કરાયો છે. જર્મનીમાં કોરોનાના કુલ કેસ ૧ લાખ ૪૮ હજાર ૪૫૩ નોંધાયા છે અને ૫ હજાર ૮૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. જર્મનીમાં ૯૫ હજાર ૨૦૦ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. હાલ એક્ટિવ કેસ અહીં ૪૮ હજાર ૧૬૭ છે.

ચીનમાં મંગળવારે ૩૦ નવા કેસ નોંધાયા છે. જેમાં ૨૩ કેસ બહારથી આવ્યા હતા. ચીનમાં હાલ એક હજાર પાંચ એક્ટિવ કેસ છે. અહીં કોરોનાના કુલ ૮૨ હજાર ૭૮૮ કેસ નોંધાયા છે.હતા અને ૪૬૩૨ લોકોએ જીવ ગુમાવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# મહામારીના કપરા સમયે અપેક્ષા વગરના વીર ભામાશા કેટલા....? લોકડાઉન લંબાશે કે શું.....?

સમગ્ર વિશ્વમાં કોરોના પોઝિટીવ કેસોનો આક ૩૩,૯૭૨૫૫ પર અને મૃતાક ૧,૬૨,૯૫૬ પર પહોંચી ગયો છે. સમગ્ર વિશ્વના તમામ પ્રકારના રોજગાર, ધંધા-ઉદ્યોગ અને બજારો ખેદાન-મેદાન થઈ ગયા છે. વિશ્વભરમા અમેરિકા કોરોના પોઝિટિવ કેસો અંને મૃતાકમાં સૌથી ઉપરના ક્રમે છે. ત્યારે અમેરિકાના મિઝારી રાજ્યએ ચીન ઉપર દાવો મૂકી દીધો છે... તેમાં જણાવ્યું છે કે ચીને કોરોના બાબતે કપટની એક ભયાનક ઝુંબેશ ચલાવી છે. ખોટી રજૂઆતો કરી છે. અને કોરોના બાબતે જુઠ્ઠાણું ચલાવ્યું છે.... બીજી તરફ કોરોના જનક ચીને પોતાના અર્થતંત્રને દોડતું કરી દીધું છે.... તે સાથે તેને કોરોના ગ્રસ્ત દેશોને પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ, માસ્ક, વેન્ટીલેટર સહિતનો મેડિકલ માલ સામાન મોકલ્યો પરંતુ તેમાં પણ હલકા પ્રકારનું મટીરીયલ વાપરાતા અનેક દેશોમાં તે માલ ઉપયોગમાં નથી આવ્યો. પરિણામે વિશ્વના દેશોમાં ચીન પ્રત્યે આક્રોશ ભભૂકી ઉઠયો છે. ત્યારે વિશ્વની મહાસત્તા બનવા મથતા ચીન સામે વિશ્વના અનેક દેશો મેદાન-એ-જંગ કરશે તેમાં કોઈ અતિશયોક્તિ નથી લાગતી..... ! જેને આજ સુધી વિશ્વના દેશોને કોરોના બાબતે કોઈપણ દિશા નિર્દેશ આપ્યા નથી..... જ્યારે ભારતની સ્થિતિ જોઈએ તો ભારતભરમાં ૧૯૯૮૪ કોરોના કેસો નોંધાયા છે જ્યારે મૃતાક ૬૪૦ નોંધાયો છે. એક સમયે ભારતના આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે કોરોનાથી ડરવાની કોઈ જરૂર નથી અને તેનાથી લોકોને કોઈ તકલીફ નહી પડે..... પરંતુ જે પ્રમાણે દેશમાં અને વિવિધ રાજ્યોમાં પોઝિટિવ કેસો અને મૃત્યુ આંક વધી રહ્યો છે તે જોતાં કદાચ ભારતે ફરી એકવાર **lockdown** લંબાવવાની ફરજ પડી શકે છે......!

દેશભરમાં મહારાષ્ટ્રમાં કોરોના કેસો અને મૃતાક સૌથી વધુ છે તો ગુજરાત બીજા ક્રમાંકે આવી ગયું છે. ગુજરાતમાં કોરોના પોઝિટીવ ૨૨૭૫ કેસ નોંધાયા છે. જોકે છેલ્લા ૧૨ કલાકમાં નવા ૯૭ કેસ નોંધાયા છે. રાજ્યના શહેરોમા અમદાવાદ, સુરત, વડોદરા પૈકી અમદાવાદમાં વધુ નવા ૬૧ કેસો નોધાતા કેસોનો આક ૧૪૩૪ પર પહોંચી ગયો છે. ત્યારે વિતેલા ૨૪ કલાકમાં નવા ૪ મૃતાક સાથે કુલ મૃતાંક ૫૭ પર પહોંચી ગયો છે. ર્ઁજ વિસ્તારોમાં કફર્યુ નાખી દેવામાં આવ્યો છે. ત્યારે ઓરેન્જ વિસ્તારોમાં ઁજીટ્ઠર્ઙ્ઘહનો કડક અમલ પણ થઈ રહ્યો છે. પરંતુ તંત્ર જે તે ર્ઁજ આજુબાજુના માનવ વસ્તી ધરાવતા વિસ્તારોમાં સેનેટાઈઝ જરૂરી અને પૂરતા પ્રમાણમાં કરી શક્યુ નથી.....! તો દર્દીઓની સંખ્યામા ઉછાળો આવતા સિવિલ હોસ્પિટલ હાઉસફુલ થઈ ગઈ છે. જ્યાં નવા પોઝિટીવ દર્દીઓને દાખલ થવાની રાહ જોઈને બહાર બેસી રહેવું પડે છે. દર્દીઓ માટે પાણી સહિતની રેગ્યુલર કોઈ પણ વ્યવસ્થા નીતિ નિયમ અનુસાર નથી કે સુવિધાનો અભાવ છે. જેથી દર્દીઓ પણ ત્રાસી ગયા છે..... તો ડોક્ટરો માટે દર્દી અછુત હોય તેવી ઘટનાઓ બની રહી છે.....! આવા સમયે જુદી જુદી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓની તપાસ કરતા ડૉક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ, પોલીસો પૈકી કેટલાક કોરોના સંક્રમિત થઈ જતા વ્યવસ્થામાં નહિવત ગરબડ ઊભી થઈ જવા પામી હતી.... સિવિલ હોસ્પિટલમાં તો અવ્યવસ્થાના કારણે નવ જેટલા સેનેટરી ઈન્સ્પેક્ટર ભાગી ગયાનું કહેવાય છે.....! એ તો ઠીક પરંતુ લોકોને જેમનાથી શાકભાજી અને ફ્રુટ મળી રહ્યા છે તે વેચાણ કરતા શાકભાજીવાળાઓ પૈકી કેટલાંકને કોરોના પોઝિટીવ આવતા શાક ભાજી - ફ્રુટ ખરીદનારાઓને કોરોના થવાની-ફેલાવાની ભારે ચિંતા સરકારમાં અને માર્કેટમાં ઊભી થઈ છે..... ત્યારે રાજ્ય સરકાર માટે દુઃખદ ઘટના એ બની રહી છે કે ચીને મોકલેલ રેપીડ કીટના સાચા પરિણામો મળતા ન હતા જેથી અત્યારે તપાસ ધીમી પડી છે. અને આ કારણે રાજ્ય સરકારની ચિંતા વધી પડી છે.....!

ગુજરાતમાં **lockdown** ના કપરા સમયમાં જરૂરતમંદોને અનાજ સહિતની ચીજવસ્તુઓ તેમજ આર્થિક સહાય મળી રહે તે માટે સરકારે વિવિધ પગલાં લીધા હતા અને તે માટેની વ્યવસ્થા કરી હતી.. પરંતુ પરપ્રાંતીઓ, ગરીબો, મજૂરો, રોજમદારો માટે વધારે તકલીફ ઊભી થવા પામી હતી કારણ કે આ પૈકીના અનેકો પાસે રેશનકાર્ડ હતા જ નહીં. જેથી તેઓ આવી ચીજવસ્તુઓ મળી ન શકતા ભૂખથી ટળવળી રહ્યા હતા ત્યારે ગુજરાતમાં અનેક નાના મોટા દાતાઓ મેદાનમાં ઉતરી પડ્યા પડ્યા છે... સરકાર દરેક સ્થળે પહોંચી ન શકે પરંતુ અન્ય જરૂરતમંદ લોકોને મહિનો મહિનો ચાલે તેટલું અનાજ કરિયાણું પહોંચાડી રહ્યા છે. તો અનેકોએ રસોડાઓ ખોલી નાખીને ભૂખ્યા જનોની જઠરાગ્ની ઠારવાનું કાર્ય શરૂ કરી દીધું છે..... કેટલાક એવા પણ નમાલા, કિર્તી ભૂખ્યા દાતાઓ નીકળ્યા કે બે કિલો બટાકા કે એકાદ બે જણને કીટ કે ખાવાનુ આપતા ફોટા પડાવી ગુમ થઈ ગયા.....! કેટલીક સંસ્થાઓ પણ એવી નીકળી છે કે જેઓ જરૂરીયાતવાળાની વિગતો મંગાવી ને પછી તેઓને મદદ પહોંચાડી રહ્યા છે તો એવી સંસ્થા કે વ્યક્તિઓ નીકળી કે જેમણે જરૂરતવાળા પાસેથી વોટ્સએપ દ્વારા વિગતો મેળવી પછી જરૂરતમંદો રાહ જોતા રહ્યા છે....! આ બધા વચ્ચે અનેક નાના મોટા વીર ભામાશાઓ કે જેને નામ કીર્તિ નથી જોઈતી તેવા મેદાનમાં ઉતરી પડયા છે અને બિન અપેક્ષાએ જરૂરતમંદોને અનાજ સહિતની સહાય ગુપ્ત રીતે પહોંચાડી રહ્યા છે. જેમાં સૌરાષ્ટ્ર તો વીરોની, દાતાઓની, શુરવીરોની ભૂમિ.... રાજકોટ, જામનગર, જૂનાગઢ, મોરબી, અમરેલી, સુરેન્દ્રનગર જેવા અનેક વિસ્તારોમાં એક-બે નહીં પણ અનેક ભામાશાઓ સાથે મળીને નામ વગર કે ઓળખ આપ્યા વિના જરૂરીયાતવાળાને જરૂરી અનાજ- કરિયાણું આંખો બંધ કરીને ઘેર ઘેર પહોચાડી રહ્યા છે તો મોટા ભાગના આપણા ધારાસભ્યો, કોર્પોરેટરો વગર તકલીફે કોરોન્ટાઈન થઈ ગયા છે- ઁજીટ્ઠર્ઙ્ઘહ થઈ ગયા છે....! તો વિપક્ષ કોંગ્રેસ નેતા પરેશ ધાણાણી અમરેલી, ખાંભા સહિત આજુબાજુના ચાર તાલુકા સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં વાહનો દ્વારા દરરોજ ૪૦ હજાર જરૂરતમંદોને ખાવાનું પહોંચાડી રહ્યા છે...તે સાથે કુતરા, ગાયો, અબોલ જીવોને ઘાસચારો સહિત નો ખોરાક પહોંચાડી રહ્યા છે. અમદાવાદમાં ધારાસભ્યો ઈમરાન ખેડાવાલા, ગ્યાસુદીન શેખ તથા બદરુદીન શેખ જેવા લોકોની મદદ કરવામાં રહેતા તેઓ કોરોનાનો ભોગ બની ગયા છે. ત્યારે જૂનાગઢમાં પૂંજા વંશ, એ જ રીતે કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, હર્ષદ રિબડિયા જેઓ ખાનગી રાહે પોતાની રીતે તમામ સ્થળે ગ્રુપમાં મદદ આપવાનું શરૂ કરી દીધુ હતુ. જ્યારે અગત્યની ઘટના એ બની કે એક સાચો વીર ભામાશા સુરતમાં પેદા થયો કે જેને રાત્રિના સમયે ગરીબોની વસ્તીમાં ખટારામા લોટના પેકેટો લઈ જઈને લોકોને એક કિલો લોટ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું તેમાં લઈ જનારાઓએ ઘરે જઈને જોયું તો એક કિલો લોટની વચ્ચે ૧૫ હજાર રૂપિયાની નોટો મૂકી દેવામાં આવેલ હતી. જે જોઈને લોકોમાં ખુશી ફરી વળી હતી. જે લોટ પડીકા ભૂખ્યા જરૂરતમંદોને મળ્યા હતા. પછીથી જે ખાઈને સુતા હતા તેઓ લોટ લેવા દોડી ગયા પરંતુ ત્યારે આ દાતા જતા રહ્યા હતા. આ લોટ વચ્ચે રૂપિયા આપનારનું મોઢું પણ કોઈને જોવા મળ્યું ન હતું કે દાતાએ પોતાનું નામ પણ ક્યાંય દર્શાવ્યું ન હતું કે મૂક્યું હતું.... ત્યારે આવા વીરલા ભામાશા કેટલા...?વંદે માતરમ્.....

### સૌથી વધુ અમદાવાદમાં ૬૧ કેસ પોઝિટિવ મળ્યા તો બીજા નંબરે સુરતમાં ૧૭ કેસ

# રાજ્યમાં વધુ ૯૪ પોઝિટિવ કેસઃ પાંચના મોત સાથે મૃત્યુઆંક ૯૫એ પહોંચ્યો



*ગાંધીનગર,તા.૨૨*

ગુજરાતમાં આજેય કોરોના પોઝિટીવના નવા કેસથી હાહાકાર મચેલો છે. આજે પણ રાજ્યમાં નવા ૯૪ કેસ સામે આવ્યા છે. આ સાથે જ રાજ્યમાં કુલ આંકડો ૨૨૭૨ થયો છે. આ ઉપરાંત આજે વધુ ૫ લોકોના મોત થવાની સાથે જ રાજ્યમાં કુલ મૃત્યુઆંક વધીને ૯૫ પર પહોંચ્યો છે. આજે હોટસ્પોટ અમદાવાદમાં ૬૧ અને સુરતમાં ૧૭ કેસ નોંધાયા છે. જ્યારે રાજ્યમાં વધુ પાંચ દર્દીઓના મોત નિપજ્યા છે. રાજ્યમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની વાત કરીએ તો, કુલ ૨૦૨૦ લોકોની તબિયત સ્ટેબલ છે અને ૧૩ દર્દી વેન્ટિલેટર પર છે. ત્યારે આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ એક આશ્ચર્યજનક નિવેદન આપીને લોકોને આશ્ચર્યમાં મૂક્યા હતા.જયંતિ રવિએ એક આશ્ચર્યજનક નિવેદનમાં જણાવ્યું હતું કે, હવેથી દરરોજ ગુજરાતમાં ૨૦૦૦ જ લોકોના કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે, આ સિવાય રાજ્યમાં રહેલા પોઝિટિવ દર્દીના પણ કેટલાક ટેસ્ટ કરાશે તેના સિવાય વધારાના કોઈ ટેસ્ટ કરવામાં આવશે નહીં. આ નિવેદન બાદ લોકોના મનમાં સવાલ ઉભો થઈ રહ્યો છે કે, રાજ્યમાં કોરોનાના વધુ દર્દીઓ હોવા છતાં ટેસ્ટ ઘટાડવાનો નિર્ણય આશ્ચર્યજનક છે. લક્ષણો હોય તેવા દર્દીના ટેસ્ટ વધુ કરાશે. તો ગુજરાતમાં લક્ષણો વગરના પોઝિટિવ કેસની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

ગુજરાત કોરોનાના દર્દીમાં દેશમાં બીજા નંબરે પહોંચ્યું છે. ત્યારે વધુ દર્દી હોવા છતાં ટેસ્ટ ઘટાડવા તે બાબતનો નિર્ણય આશ્ચર્ય જનક કહી શકાય તેમ છે. અમદાવાદમાં નવા ૬૧ કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કોરોના પીડિતોની સંખ્યા ૧૪૩૪ પર પહોંચી છે. તો સુરતમાં કુલ કેસોની સંખ્યા ૩૬૪, વડોદરામાં ૨૦૭ અને રાજકોટમાં ૪૧ પર પહોંચી છે. તો પાંચ લોકોને સારવાર બાદ રજા પણ આપવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી કોરોના વાયરસના ટેસ્ટિંગની સંખ્યા વધારી દેવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૫૧૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૨૦૬ લોકોના રિપોર્ટ પોઝિટિવ અને ૨૩૧૦ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. તો અત્યાર સુધી કુલ ૩૮૦૫૯ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૩૫૭૮૭ ટેસ્ટ નેગેટિવ અને ૨૨૭૨ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે.

ગુજરાતના કુલ ૩૩ જિલ્લામાંથી ૨૮ જિલ્લામાં કોરોના વાયરસ પહોંચી ગયો છે. માત્ર પાંચ જિલ્લામાં હજુ સુધી એકપણ કેસ નોંધાયો નથી. જેમાં સૌરાષ્ટ્રના ચાર જિલ્લા જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, અમરેલી અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ સિવાય ડાંગ જિલ્લામાં પણ હજુ સુધી કોઈ કેસ નોંધાયો નથી.

## "મધુર સપ્તપદી" એપીસોડ ૧ : ઘર ના વડીલોની કાળજી રાખો.



ડૉ. શંકરસિંહ રાણાએ સપ્તપદીના પ્રથમ ભાગને વધુ સારી રીતે સમજાવવા પોતાના પરિવાર અને તેમના બા સાથે રહી ઘરના વડીલોની કાળજી રાખવાના મુદ્દાને સમજાવ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ઉંમરને કારણે રોગપ્રતિકારક શક્તિ ઘટતી હોય છે તેથી કોરોનાની મોટી અસર આ વડીલોને થતી હોય છે.. તેમેણે ઘરના વડીલને ભુલથી પણ દૂધ લેવા કે બહાર વૉકમાં ન મોકલવા, પેંશન લેવા માટે કે કોઇ કામ માટે બહાર ન મોકલવા સલાહ આપી હતી. આ વાયરસ ખતરનાક છે અને વડીલોને જલદીથી અસર કરે છે. આપણા માબાપ કે સાસુ સસરા અત્યારે તો ઘરમા એમની સેવા ચાકરી થાય, ખુશ રહે અને સ્વસ્થ રહે એ ખુબ જ જરૂરી છે. મેં સાંભળ્યુ છે કે ઘણા ઘરમાં વડીલોને રૂમમા સાવ અલાયદા રાખીને વરંવાર ટોકવામા આવે છે, નાના બાળકોને એમેની પાસે રમવા જતા અટકાવવામા આવે છે તે યોગ્ય નથી. આની એમના માનસ ઉપર ખરાબ અસર પડી શકે છે. એમને નિયમિત અને યોગ્ય આહાર મળે, માન સન્માન સાથે કુટંબમા હુંફ મળે, આયુર્વેદીક ઉકાળો આપીએ તો એમના સ્વાસ્થ્યની સાથે સાથે એમના વર્તા અને વ્યવહારમા આનંદ જોવા મળશે. વડીલ વંદના સાચવવા કેવી રીતે? મોદી સાહેબની સપ્તપદીમા સૌથી અગત્યનુ સ્થાન વડીલોનું ધ્યાન રાખવાનુ જણાવ્યુ છે. વડિલો જો એકલા રહેતા હોય તો આપ સાચા પડોશી બનીને એમને મદદ કરો. જિલ્લા વહીવટી તંત્ર, પોલીસની મદદથી આવા વડીલોની ખાસ કાળજી લેવામા આવે છે આપા નજીકના પોલીશ સ્ટેશન કે પોલીશ કર્મચારીને જાણ કરશો. તેમણે પશુપાલકોને ઉદ્દેશીને જણાવ્યુ હતુ કે આ સમયમા આવા વડીલોને દૂધ ભરાવવા ન મોકલો. બને ત્યા સુધી એમને ઘરમા રાખી પ્રેમથી માવજત કરો. તેમણે તેમના મમ્મી કેસરબા સાથે બેસીને સૌને અપીલ કરી હતી કે આવા વડીલોને આ સમયે હુંફ અને પ્રેમ આપી ઘરમા જ સાચવવા જોઇએ. તેમણે જો કોઈ વડીલ જો એકલા રહેતા હોય અને બહાર જઈ ન શકતા હોય તો તેમેણે જાણ કરવા વિનંતિ કરી હરી. સરકારશ્રી દ્વારા અને પોલીસ કર્મચારી દ્વારા આવા વડીલ લોકોને ઘેર જરૂરી સામગ્રી કે ખોરાકની પણ વ્યવસ્થા

# સરકારની વાહવાહ વચ્ચે દેશમાં મહારાષ્ટ્ર બાદ સૌથી ખરાબ સ્થિતિ ગુજરાતની..!

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં કોરોનાને રોકવામાં સફળતા મેળવી રહ્યાં હોવાના સરકારી અધિકારીઓ સહિત સરકાર વાહવાહીના રોજ ગાણા ગાય છે પણ મહારાષ્ટ્ર બાદ સૌથી ખરાબ સ્થિતિ ગુજરાતની છે. ગુજરાત એ કોરોનાના કેસો અને મોતના આંકમાં ત્રીજા નંબરે આવી ગયું છે. રિકવરીનો દર પણ અન્ય રાજ્યોની તુલનામાં નીચો હોવા છતાં પ્રશાસન સૌથી શ્રેષ્ઠ કામગીરી થઈ રહી હોવાનું રોજ પ્રદર્શન કરે છે. ખરેખર વાસ્તવિકતા એ છે કે ગુજરાતની સ્થિતિ બદથી બદ્તર થઈ રહી છે. સરકાર ૨૪મીથી રમઝાન ચાલુ થઈ રહ્યો હોવાથી કરફ્યુ હટાવી રહી છે. જ્યાં સૌથી વધારે કેસો છે ત્યાં તહેવારોના સમયમાં સૌથી વધારે કેસો વધવાની સંભાવના છે. મહારાષ્ટ્રમાં ૫૨૧૮ કેસો સાથે એ નંબર છે. ગુજરાતમાં પણ ૨૨૭૨ કેસ નોંધાયા છે. ગુજરાતે દિલ્હીને પાછળ ધકેલી દીધું છે. દિલ્હીમાં ૨,૧૫૬ કેસ પોઝિટીવ છે. રાજસ્થાનમાં પણ ૧,૭૯૯ કેસ છે. ગુજરાતથી મોટા ગણાતા રાજ્યોના મુખ્યમંત્રીઓએ કોરોનાને પછાડ્યો છે અને વકરતો અટકાવ્યો છે. ગુજરાત કોરોનાને અટકાવવામાં સફળ રહ્યું નથી. આ રાજ્યોમાં ભાજપ શાસિત અને બિન ભાજપી રાજ્યોનો પણ સમાવેશ થાય છે. સરકાર કોરોનાને અટકાવવા માટે પહેલાંથી સક્રિય હતી તો કોરોનાના વધતા કેસો કેમ અટક્યા નથી આજે દરેક ગુજરાતીના મોંઢા પર એક સવાલ છે. સરકાર કોરોનાને રોકવામાં નહીં પણ ટ્રમ્પના કાર્યક્રમના વ્યસ્ત હતી. સરકારનું આરોગ્ય તંત્ર ભલે વાહવાહી કરતું હોય પણ સૌથી અસફળ ગુજરાત છે. દેશમાં કોરોનાથી મોતના આંકમાં ગુજરાત નંબર ૨ પર છે.

રાજ્યમાં ૯૫ લોકોનાં મોત થયા છે. રિકવરીનો આંક પણ ૧૩૯ છે. મહારાષ્ટ્રમાં કેસો વધારે પણ રિકવરીના આંક પણ ૭૨૨ છે. આમ દર્દીઓની રિકવરીમાં ગુજરાત નિષ્ફળ રહેતાં મોતનો આંક ઊંચકાયો છે. દેશભરમાં કોરોનાથી કુલ મૃત્યુ આંક ૬૪૫ થયો છે. જ્યારે ચાર હજાર જેટલા લોકોની તબિયત બિલકુલ સ્વસ્થ્ય છે. ભારતમાં સૌથી મોટી ચિંતાનો વિષય એ છે કે,વગર લક્ષણે કોરોનાનાના દર્દીઓ નોંધાઈ રહ્યા છે. જાણીતા વાયરોલોજીસ્ટ પીટર કોલચિન્સકીએ પણ કોરોના વાયરસના વગર લક્ષણના કેસને સૌથી મોટો પડકાર ગણાવ્યો છે. ગુજરાતમાં જ્યાં મૃત્યુદર અન્ય રાજ્યો કરતા વધુ છે

ત્યાં બીજી બાજુ સાજા થનારા દર્દીની સંખ્યા અન્ય રાજ્યથી ઘણી ઓછી છે. દિલ્હીમાં ૨૧૫૬ નોંધાયેલા દર્દી સામે ૬૧૧ દર્દી સાજા થયા છે અને એક જ દિવસમાં ૧૮૦ દર્દી સાજા થયા છે.આમ રીકવરી રેટ ૨૮ ટકાથી વધુ છે તો ગુજરાતમાં ૨૧૭૮ નોધાયેલા કેસ સામે માત્ર ૧૩૯ લોકો જ અત્યાર સુધી સાજા થયા છે અને રીકવરી રેટ માત્ર ૬.૩૮ ટકા જ છે. એક હજારથી વધુ કેસ ધરાવતા રાજ્યમાં રીકવરી રેટ જોઈએ તો જ્યાં સૌથી વધુ કેસ છે તેવા મહારાષ્ટ્રમા ૫૨૧૮ કેસ સામે ૭૨૨ લોકો સાજા થયા છે અને રાજસ્થાનમાં ૧૬૫૯ દર્દી સામે ૨૩૦, તમિલનાડુમાં ૧૬૯૬ દર્દી સામે ૬૩૫ ,મધ્યપ્રદેશણાં ૧૫૫૨ સામે ૧૪૮ અને ઉત્તરપ્રદેશમાં ૧૩૩૭ દર્દી સામે ૧૪૦ લોકો સાજા થયા છે.આમ ગુજરાતની સ્થિતિ અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી ખરાબ છે.

## લોકડાઉન ૨.૦માં ફ્લોર મિલો, ઈલેક્ટ્રીક દુકાનો સહિત ઘણી સેવાઓ માટે અપાઈ છૂટ

અમદાવાદ,તા.૨૨

વરિષ્ઠ નાગરિકોને ટેકો આપનારા લોકો હવે લોકડાઉન દરમિયાન પણ તેમની સેવાઓ પ્રદાન કરી શકશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મંગળવારે કહ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોને મદદ કરતા લોકોની સાથે શાળાના પુસ્તકો, ઈલેક્ટ્રિકની દુકાનો અને પ્રીપેઈડ મોબાઈલ કનેક્શન્સ માટેના રિચાર્જની સુવિધાઓને પણ સંચાલન કરવાની મંજૂરી આપવામાં આવશે. તે જ સમયે, શહેરી વિસ્તારોમાં સ્થિત બેકરીઓ અને ફ્લોર મિલોને પણ લોકડાઉન દરમિયાન સંચાલન કરવાની મંજૂરી આપવામાં આવી છે.

ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે અત્યાર સુધી જારી કરવામાં આવેલા માર્ગદર્શિકા દ્વારા વિશેષ સેવાઓ અને પ્રવૃત્તિઓને છૂટ આપવા સંબંધિત કેટલાક પ્રશ્નો મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આદેશમાં જણાવાયું છે કે વરિષ્ઠ નાગરિકોની મદદ કરતા ઘરમાં બેઠેલા લોકોને કામ કરવાની છૂટ આપવામાં આવી છે, જ્યારે પ્રીપેઈડ મોબાઈલ માટે રિચાર્જ સુવિધાના સંચાલનને પણ મંજૂરી આપવામાં આવી છે.

# અમદાવાદના કરફ્યૂગ્રસ્ત વિસ્તારોમાં હવેથી એકાંતરા શાકભાજી વેચાશે

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના કરફ્યૂગ્રસ્ત વિસ્તારોમાં હવેથી એકાંતરા શાકભાજી વેચાશે. દરરોજ બપોરે ૧થી ૪ દરમિયાન ખરીદીની મુક્તિ અપાય છે તેમાં શાકભાજી એક દિવસ વેચાશે, એક દિવસ બંધ રહેશે તેવો નિર્ણય પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ આજે જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા લાઈવમાં આ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, કરફ્યૂગ્રસ્ત વિસ્તારોમાં દરરોજ બપોરે ૩ કલાક જીવનજરૂરી ચીજવસ્તુ ખરીદીની છૂટ અપાઈ છે તેમાં શાકભાજીનું વેચાણ એકાંતરા દિવસે કરાશે.

આ વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નથી. જો આ જ સ્થિતિ રહી તો આ છૂટછાટ વધુ સીમિત કરાય અથવા બંધ કરવાનો નિર્ણય લેવાઈ શકે છે. માટે, નાગરિકો કોરોનાથી બચવા સોશિયલ ડિસ્ટન્સનો અમલ અચૂક કરે. જ્યારે, શહેરના બાકી લોકડાઉન એરિયામાં નિશ્ચિત સમય પછી વેચાણ કરતાં અથવા તો સોશિયલ ડિસ્ટન્સ ન જાળવતાં શાકભાજી વેચતા છ ફેરિયા સામે વસ્ત્રાપુર, વાસણા, માધવપુરામાં અને સોલા પોલીસમાં ગુના નોંધવામાં આવ્યાં છે.

કોરોનાના કારણે લોકડાઉન અને કરફ્યૂની સ્થિતિ વચ્ચે શાકભાજી, દૂધ, કરિયાણા, દવા જેવી જીવનજરૂરી વસ્તુની ખરીદીની મુક્તિ છે. છતાં, કોરોનાને અંકુશમાં લેવા કરિયાણા અને શાકભાજીના વેચાણના સમયને સીમિત કરવામાં આવ્યો છે. હવે, પોલીસે સત્તાવાર રીતે શાકભાજીના વેચાણ પર અંકુશ થકી કોરોના પર કન્ટ્રોલ મેળવવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી છે.

### બોટાદમાં વધુ બે કેસ નોંધાયા

# રાજકોટના જંગલેશ્વરમાં ૧૬ વર્ષના તરૂણને કોરોના પોઝિટિવ, કુલ સંખ્યા ૪૨ થઈ




રાજકોટ,તા.૨૨

રાજકોટના જંગલેશ્વરમાં લેઉવા પટેલ શેરી નં.૧માં રહેતા ૧૬ વર્ષના તરૂણને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આથી રાજકોટમાં પોઝિટિવ કેસની સંખ્યા ૪૧ અને ગ્રામ્યનો એક કેસ મળી ૪૨ થઈ છે. જંગલેશ્વરમાં કર્ફ્યુ લગાવવામાં આવી દીધું છે. છતાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધી રહી છે. ભાવનગરમાં ૨૩ સેમ્પલ લઈને પરીક્ષણ માટે મોકલાયા હતા, તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. રાજકોટમાં લેવામાં આવેલા ૬૨ સેમ્પલમાંથી ૪૫ નેગેટિવ અને ૧૬ના રિપોર્ટ આવવાના બાકી છે. બોટાદમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. શહેરના કલસ્ટર એરિયામાંથી બે કેસ પોઝિટિવ કેસ આવ્યા છે. બંને કોરોના પોઝિટિવ કેસમાં ૪૮ વર્ષ અને ૪૨ વર્ષના પૂરૂષનો સમાવેશ થાય છે. બોટાદ જિલ્લામાં હાલ ૯ કોરોનાના કેસ નોંધાયા છે. જેમાં શહેરના ૮ અને એક બરવાળાના કેસનો સમાવેશ થાય છે. જ્યારે એક વ્યક્તિનું મોત નીપજયું છે.નાગઢના બીડી સિગારેટ હોલસેલ એસોસિએશન દ્વારા મનપા કમિશનરને સંબોધીને એક પત્ર લખ્યો છે. જેમાં જણાવ્યું છે કે, વ્યસન આમ તો હાનિકારક છે પરંતુ આ વિસ્તરમાં મહત્તમ લોકો આ વ્યસન એટલી હદે ધરાવે છે કે, લોકોને એક ટંકનું ખાવાનું નહીં મળે તો ચાલશે પણ માવા સિગરેટ કે બીડી વગર નહીં ચાલી શકે. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે, હાલ આપણે સારા કે ખરાબની વાત નથી કરવી પરંતુ લોકોને ઘરમા રાખવાની વાતને પ્રાધાન્ય આપવા જો લોકોને તેની જરૂરી વસ્તુ મળી જાય એવી વ્યવસ્થા ઉભી કરી શકીએ તો લોકો ઘરની બહાર નીકળતા બંધ થઈ જશે.

### ૮.૪૭ લાખ ખાતામાં ૧ હજાર રૂપિયા જમા કરવામાં આવ્યા

# ૨ લાખ ૩૧ હજાર ક્વિન્ટલ પાકની આવક અત્યાર સુધી થઈઃ અશ્વિની કુમાર

ગાંધીનગર,તા.૨૨

કેબિનેટની બેઠકમાં રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિની સમીક્ષા કરવામાં આવીઃ અશ્વિની કુમાર

હિતલ પારેખ/ગાંધીનગરઃ રાજ્યમાં કોરોના વાયરસ અને લૉકડાઉનના પગલે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વના નિર્ણયોની માહિતી મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે પત્રકાર પરિષદ યોજીને આપી હતી. અશ્વિની કુમારે કહ્યું કે, મુખ્યમંત્રી દ્વારા કેબિનેટની બેઠક યોજવામાં આવી હતી. જેમાં રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિ, આરોગ્ય વિભાગની તૈયારી, બાંધકામ ક્ષેત્રને છૂટછાટ અને ઉદ્યોગોની સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી.તેમણે કહ્યું કે, રાજ્યમાં ૩૪,૦૦૦ જેટલા ઉદ્યોગોને શરૂ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. જેમાં ૨ લાખ ૪૦ હજાર જેટલા કાગીગરો કામ કરી રહ્યાં છે. અશ્વિની કુમારે કહ્યું કે, આજે અમરેલી, બનાસકાંઠા, મહેસાણા, કચ્છ, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં લાભાર્થીઓના ખાતામાં ૧ હજાર રૂપિયા જમા કરાવી દેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, ૮ લાખ ૪૭ હજાર ખાતામાં આ પૈસા જમા થયા છે. તો ખેડૂતોને લગતી બાબતો પણ તેમણે કહ્યું કે, રાજ્યમાં ૧૨૧ માર્કેટિંગ યાર્ડ ચાલું છે.

૨ લાખ ૩૧ હજાર ક્વિન્ટલ પાકની આવક અત્યાર સુધી થઈ છે. તમામ ખેડૂતો પાસેથી ખરીદી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં શાકભાજી અને ફળની આવક રાબેતા મુજબ ચાલી રહી છે. તેમણે કહ્યું કેસ ૪૭ લાખ લીટર દૂધનું વિતરણ કરવામાં આવ્યું છે. ગઈકાલે ૧૩ લાખથી વધુ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું આમ અત્યાર સુધી ૨ કરોડથી વધુ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

# કહેવાની રીત શીખો

લેખક :નિકેતા વ્યાસ-કુંચાલા

ચહેડલાઈન : દરેક વાત કરવાની અલગ અલગ રીત હોય.એક જ લાકડીએ હાંકવાથી લોકો તમારાથી દૂર થતાં જશે.માટે કહેવાની રીત શીખવા જેવી છે.

જ્યારે આપણે કઈ વસ્તુને ખોટી રીતે સમજીએ છીએ,તેનો વિપરીત અર્થ કરીએ છીએ ત્યારે અશાંતિ પેદા થાય છે.એક વ્યક્તિએ આપણી ધારણાથી વિપરીત કોઈ વાત કહી ,તો તરત જ મોઢામાંથી નીકળે કે 'તું મને સલાહ આપનારો કોણ છે ?તું તારું કામ કર ને.' બીજાના કામમાં દખલ ન કર અને ત્યાંથી અશાંતિની શરૂઆત થાય છે.

કોઈ વ્યક્તિ કાંઈ પણ કહે તેને શાંતિથી સાંભળવું જોઈએ.મૌન રહી તેના પર ચિંતન શરૂ કરો કે મને આવું કેમ કહેવામાં આવ્યું?મારી ભૂલ ક્યાં થઈ? ક્યાંક હું ભટકી તો નથી ગયો ને?ચિંતન કરવાથી અશાંતિને વિસ્તારવાનો કોઈ જ મોકો નહીં મળે.અશાંતિ આપોઆપ જ શાંત પડી જશે.

જ્યાં વિનમ્રતા છે ,ત્યાં શાંતિ છે .જ્યાં શાંતિ છે, ત્યાં વિનમ્રતા છે.એ વાત પણ સાચી છે કે દરેક વાત કરવાની એક રીત હોય છે. કહેવાની પણ રીત અને સમજવાની પણ રીત. અશાંતિ કોઈ ઘટના દ્વારા નથી થતી. કહેવાની રીત અને ગ્રહણ કરવાની રીત જ અશાંતિ પેદા કરે છે.કોઈ વાતને કેવી રીતે રજૂ કરવી એ એક કલા છે.તે જાણવી બહુ જ જરૂરી છે .થોડા મહિના પહેલા એક પુસ્તક વિશે અમારા ગ્રુપમાં ચર્ચા થઈ બહુ જ સરસ પુસ્તક છે **non-violence and communication.** શાંતિને માટે અહિંસક શૈલીમાં વાત કરવાનું બહુ જરૂરી છે. વાતચીત અહિંસક શૈલીમાં હોય.સીધો ઘા ના કરાય.ખીરમાં સાંબેલુ ના નંખાય એવી વાત ન કરો,જે પ્રતિક્રિયાઓ ઉત્પન્ન કરે.

કબીરજી બહુ જ સમજદાર સંત હતા.તેમની પાસે એક યુવક આવ્યો. તેણે કબીરજીને કહ્યું :×મારે આપની સલાહ જોઈએ છે કે હું લગ્ન કરું કે ના કરું? ×કબીરજીએ તેને નજીક બેસાડ્યો અને પત્નીને કહ્યું :× ફાનસ પ્રગટાવો. ×

બપોરનો સમય હતો.સૂર્ય તો આકાશમાં માથે આવ્યો હતો. આવા સમયે કબીરે પત્નીને આજ્ઞા કરી કે ફાનસ પ્રગટાવીને લાવો.પત્નીએ આજ્ઞાનું પાલન કર્યું અને ફાનસ સામે લાવીને મૂકી દીધું.

આડીઅવળી વાતો કર્યા પછી કબીરે પત્નીને કહ્યું :×બે ગ્લાસ દૂધ લાવો.× પત્નીએ બે ગ્લાસ દૂધ લાવીને મૂકયાં.કબીરજી અને યુવકે દૂધ પીવાનું શરૂ કર્યું.યુવકે એક જ ઘૂંટડો પી ને ગ્લાસ નીચે મૂક્યો.જ્યારે કબીરે આખો ગ્લાસ દૂધ પીને ખાલી કરી નાંખ્યો.પત્ની તરફ પ્રશંસાપૂર્વક દ્રષ્ટિથી જોયું. અને સરસ દૂધ લાવવા માટે તેની પ્રશંસા કરી.યુવકનું મન વિચારે ચડ્યું. તેનાથી રહેવાયું નહીં. તે બોલ્યો :×હું તો આપને જ્ઞાની અને સમજદાર માનીને સલાહ લેવા આવ્યો હતો.પણ આપના આ વર્તનથી મારા મનમાં શંકા જાગી છે.×

કબીરજી :× કેમ શંકા શા માટે ?×

યુવકે કહ્યું:× ખરા બપોરે ફાનસ પ્રગટાવવાનું શું કામ અને મીઠું નાખેલા દૂધના વખાણ કરવાની શી જરૂર?×

કબીરજી કહે :× આજ તો તારા સવાલનો જવાબ છે.×

યુવક :×જવાબ કેવી રીતે?×

કબીરજી:×તેં જોયુને મારી પત્નીએ એક પણ શબ્દ બોલ્યા વિના આજ્ઞાનો અમલ કર્યો.તે પૂછી શકી હોત કે ભરબપોરે ફાનસ શા માટે ?પણ તેણે ના પૂછ્યું. તે ખારું દૂધ લઈને આવી તો મેં એમ ન કહ્યું કે આમાં ખાંડને બદલે મીઠું કેમ નાખ્યું છે? મેં સહન કરી લીધું.જો અરસપરસ એકબીજાને સહન કરવાની ક્ષમતા હોય તો તું લગ્ન કરી શકે છે. નહીં તો હું તને લગ્ન કરવાની સલાહ નહિ આપું.×

આજે સહન કરવાની શકિત તો ઓછી છે જ.સાથે કહેવાની કલાનો પણ વિકાસ નથી રહ્યો.આપણે સ્વ નો એટલો વિકાસ કરવાનો છે,જેનાથી કડવામાં કડવી વાતને પણ શાંતિથી સાંભળવાની અને સહન કરવાની ક્ષમતા આવી જાય.શાંતિ થી જીવન જીવવા માટે અને શાંતિપૂર્ણ સહવાસ માટે જો સૌથી મોટી કોઈ કલા છે તો તે છે વાકકળા. વાણીની કલા અને બોલવાની કળા.એની કેળવણી થવી જ જોઈએ.

માણસ ખાય છે ચોક્કસ સમયે ,સૂવે છે ચોક્કસ સમયે, દરેક કામ કરે છે ચોક્કસ સમયે .પરંતુ તેની બોલવાની પ્રવૃત્તિનો કોઈ ચોક્કસ સમય જ નથી. વાતચીત કરે છે ત્યારે પણ તેમાં કામની વાત બહુ ઓછી અને નકામી વાતો વધુ હોય છે.કામ કરતી વખતે માણસ થાકી જાય છે અને આરામ કરવાની ઈચ્છા જાગે છે.વિચારતા વિચારતા પણ માણસ થાકી જાય છે. પણ બોલવાથી માણસ કેમ નથી થાકતો ?એ વિચારવા જેવી બાબત છે.સૌથી વધુ વાણીનો અને વચનનો વ્યવહાર થાય છે, તો સૌથી વધુ ધ્યાન પણ આપણે તેના પર આપવું જોઈએ.

માણસ પરખાય છે વાણીથી. તમારી વાણીને બિનજરૂરી વેડફો નહીં.શબ્દની કિંમત સમજો. બસ...આ વાત સમજાઈ જાય અને તેના પર ઊંડાણથી વિચાર કરી લેવામાં આવે ,તો મને લાગે છે કે શાંતિની ચાવી તમારા હાથમાં આવી જશે.

ઘરમાં કાંઈ ખૂટતું નથી,
કોઈ વહેલું ઉઠતું નથી
નાસ્તા નાં ટેબલ પર,
થાય છે વાતોનાં વડા..
પરવારીને જલ્દી હવે
નહાવાનું સૂઝતું નથી
ઘરમાં કાંઈ ખૂટતું નથી,
કોઈ વહેલું ઉઠતું નથી

ઝાડુપોતાંની
થઈગઈ છે આદત
ને ચોખ્ખુંચણાક હવે લાગે
છે ઘર
કોઈપણ ક્યાંય કશું
આડુંઅવળું ઘરમાં
જરાય મૂકતું નથી

ગરમ ગરમ જમવાનું,
ને પ્રેમ ભર્યો આગ્રહ.. !
વધારે ખાઈને, આફરો
ચડાવી
હુંફાળી બપોરે
સુવાનું કોઈ જરા ચૂકતું
નથી

ઘરમાં જ થઈ જાય છે,
મિજબાની સાંજે,
પણ એનાં ફોટા
ફેસબુક પર
કોઈ હવે મૂકતું નથી

હોટલ ને ડિનર,
પાર્ટી ને પબ
થીએટર, પોપકોર્ન, નાં
ખર્ચા ગાયબ
ઘરનું ખાવાનું ને ઘરનું
ટીવી
હવે કોઈપણ કશા માટે
ઝૂરતું નથી

હવે પાછુ જવાનું
જો આવશે ઓફિસ
તો શીખવું પડશે
બધું નવેસર થી
મનની શાંતિ ને પરિવાર
નો પ્રેમ
હવે પૈસા પાછળ
છોડ, ઝૂરવું નથી
આખી દુનિયા
જાણે વસી છે ઘરમાં
ખોટેખોટી આ દુનિયાની
હોડમાં
જીવતેજીવત , જા મરવું
નથી
હવે પૈસા પાછળ
છોડ, ઝૂરવું નથી

# કોરોના સંકટ કે સરકાર સંકટ મહામારી

ગુજરાત સરકાર ના મહિલા.બાળ.કલ્યાણ ના અગ્ર સચિવ જયંતિ રવી ને મુખ્યમંત્રી એ બનાવેલ હાઈ પાવર કમિટી ના મીડિયાને સંબોધન કરનાર તરીકે નીમ્યા છે જેઓ ૨૨/૩ થી આજે પણ સવારે ૧૦ વાગે અને સાંજે ૭:૩૦ વાગે સ્વર્ણિમ ભવન ખાતે માહિતી ખાતા દ્વારા મીડિયા ના લોકો ની કરેલ સુંદર વ્યવસ્થા વચ્ચે સુંદર પરિધાન.મેક,અપ.માથે સુંદર ફૂલ સજ્જ રીતે ઉપસ્થિત થઈ ને માન્ય મુખ્યમંત્રી શ્રી એ આજરોજ હૈ પાવર કમિટીના લીધેલ નિર્ણય...કરીને કોરોના ના પોઝિટિવ દર્દીઓ.મૃત્યુ. ડિશ ચાર્જ.કુલ ટેસ્ટ.બાકી ટેસ્ટ અને સરકારી કોવિડ હોસ્પિટલો ની આખા ગુજરાત ના મહાનગરો અને ગ્રામ્ય ની માહિતી નો ચિતાર સુંદર એંકર ની જેમ વર્ણન કરે છે..ત્યાર બાદ મીડિયા મિત્રો ના બે ચાર પ્રશ્નો ના જવાબ આપે અને પછી પાછા કહે કે હવે હિન્દી મા કહી દઈએ? એટલે ઈલેક્ટ્રોનિક મીડિયા કેમેરા હિન્દી મા પણ લાઈવ કરે. ટિપિકલ પ્રશ્નો પૂછો તો આરોગ્ય કમિશનર.સુપ્રિટેન્ડેન્ટ,આયુર્વેદ નિયામક ને કહી દે કે આંકડા ઓ સાથે નું લીસ્ટ પત્રકારો ને મેલ કરી દો..આં આજે એક મહિના થી રોજ કહે છે કે સરકાર સુસજ્જ છે. હકીકત મા રેપિડ ટેસ્ટ કીટ હમણાં ચાર દિવસ પહેલા આવી.પાટનગર ના કે પ્રાઈવેટ ઓપીડી ના ડોકટરો આજેય આં મેડમ નું સાંભળ્યા નથી અને ઓપીડી ચાલુ નથી કરી.સિવિલ માં જાવ તો ૧૦ ફૂટ દૂર થી છૂત.અછૂત ની જેમ વ્યવહાર કરી વધુ બોલો તો અમદાવાદ સિવિલ જાવ તેમ કહે છે..સિવિલ માં આજેય સોનોગ્રાફી.એક્સરે મશીન બંધ છે.પોઝિટિવ નેગેટિવ રિપોર્ટ શેના આધારે પરીક્ષણ કરી કહેવામાં આવે છે તેની કોઈ સ્પસ્ટ્તા આરોગ્ય વિભાગે કરી નથી.કોવીડ હોસ્પિટલો બનાવી દર્દીઓ વધતા હવે તેમને દાખલ કરી દૂર વ્યવહાર ના અસંખ્ય દાખલા સામે આવે છે ખુદ ડોકટર.નર્સ.બ્રધર સંક્રમિત થાય ના કેસ વધ્યા છે ત્યારે દર્દીઓ ને સગાવહાલા આંમ તેમ ભટકે છે.હજુ કોઈ દવા કે પરીક્ષણ નું ડોકટરો ને સરકાર નું કોઈ ચોક્કસ ગાઈડ લાઈન ઠેકાણું નથી ત્યાં ગાઈડ લાઈન વિના હવે પાછું પ્રાઈવેટ હોસ્પિટલ ને મન ફાવે તેમ ચાર્જ ઉઘરાવવાની છૂટ સાથે કોરોના ટેસ્ટ ની મંજૂરીઓ આપવાની ચાલુ થઈ..આં સરકાર મહામારી ના સમય માં સતત મધ્યમ ગરીબ વર્ગ ને પિસ્વાનો જાણે કાર્યક્રમ ઘડી કાઢ્યો હોય તેમ પહેલા બધા ને લોક ડાઉન માં ઘેર બેસવાનું કહ્યું.પછી સ્કુલ સંચાલકો ને બોલાવી ત્રણ મહિને વગર ભણે પણ ફી ઉઘરાવવા બાર મહિના નો સમય આપી સંચાલકો ને ખુશ કર્યા.પછી સરકાર ના કાયમી.હંગામી કોઈ પણ કર્મચારી ને કોરોના રક્ષણ માં ૨૫ લાખ નું આર્થિક પેકેજ જાહેર કર્યું.સરકારી કર્મચારી ચાલુ પગારે લગભગ આખો મહિનો ઘેર હોય તેવા ઓલટરનેટ નોકરી હાજર થવાના નિયમ ઘડાયા..જેમ જેમ હોટ સ્પોટ વિસ્તારો માં સંક્રમણ વધતા પોઝિટિવ કેસો વધવા લાગ્યા તેમ તેમ કાયદો.ન્યાય પોલીસ ની કામગીરી માં કડક અમલ કરાવવા હુકમ થયા.પરિસ્થિતિ મુજબ કરફ્યુ અને છૂટછાટ નક્કી થયા.સરકાર ના બીપીએલ. એપી એલ નક્કી કરેલ ૬૬લાખ ની આજુબાજુ ના લોકો ને ૧૭.૦૦૦ સસ્તા અનાજ ની દુકાને થી રાશન આપવાની તબક્કા વાર જાહેરાત થઈ અને પાછા તેમના ખાતામાં ૧૦૦૦ રૂપિયા પણ સરકાર આપી રહી છે..તમામ ધારાસભ્યો ની ગ્રાન્ટ ના કરોડો રૂપિયા રોકી દેવાયા તેમજ તમામ સાંસદો ની ગ્રાન્ટ પણ રોકવામાં આવી તેમજ તેમજ પગાર ના ૩૦% પણ આખા વરસ દરમિયાન કાપી લેવાશે....તો આં બધો પૈસો સરકાર સુ સરકારી પગાર ચૂકવવામાં વાપરી હિસાબ બતાવશે કે કોરોના પાછળ વાપરેલ ખર્ચ નો હિસાબ આપશે?..આવામાં મધ્યમ ગરીબ વર્ગ ની શું હાલત થાય તેની પરિસ્થિતિ નો અભ્યાસ સરકારે તો કર્યો નહિ પણ સર્વ સમાજ અને સ્વૈચ્છિક સંસ્થાઓ એ પોત પોતાના તેમજ સામૂહિક સર્વે કરીને કર્યો અને કરિયાણા નિં કીટ .ફૂડ પેકેટ જાહેર વિતરણ થઇ રહ્યા છે.સરકારે સંક્રમિત ના બહાના હેઠળ સંસ્થાઓ એ પણ ફૂડ પેકેટ સરકાર ને સાથે રાખીને વહેચવામાં આવશે તેવા તઘલખી નિર્ણય લેવાયા..પરિણામે સંગઠનો એ પોતાની સહાય સરકાર ને આપી જાણે સરકારે વહેચ્યું તેવા આંકડા મીડિયામાં સરકાર રોજ આપતી થઈ.સીએમ ના સચિવ પણ રોજ બપોરે સીએમ ના નિર્ણયો ની જાહેરાત બે વાગ્યા ની પ્રેસ માં કરે.રાજય મા શાકભાજી.ફળફળાદી.દૂધ ની આવક ના આંકડા આપે અને સરકારે આજ રોજ કેટલા ફૂડ પેકેટ ક્યાં કેવી રીતે વહેંચ્યા તે કીધા સિવાય એક ચોક્કસ આંકડો કરોડ અને લાખ માં આપે..ત્યાર બાદ ૪ વાગે એટલે રાજ્ય ના ડીજીપી પ્રેસ માં આવી શરૂ કરે અને કહે કે × વડાપ્રધાન શ્રીનો મૂળ મંત્ર ઘરમાં રહો,સુરક્ષિત રહો× થી હું શરૂવાત કરું .તેમ કહી જાણે હાઈ પાવર કમિટીના નક્કી થયું હોય તેમ પીએમ,સીએમ ના વખાણ એક સનદી અધિકારી તરીકે કરીને માહિતી આપી ને કહે કે આજરોજ લોક ડાઉન માં નોધાયેલ ગુના.પકડાયેલ વાહનો..ધરપકડ થયેલ વ્યક્તિઓ,કરફ્યુ માં છૂટછાટ.પોલીસે દંડા મારેલ વિડિઓ થી સસ્પેન્ડ કરાયેલ .શિક્ષાત્મક પગલાં ની વિગત...ત્યાર બાદ મીડિયા ના લોકો તેમને મળેલ પ્રજા ફરિયાદ ના આધારે પ્રશ્નો પૂછે એટલે જવાબ મળે કે સરકાર કડક અમલ લોક ડાઉન નો કરાવશે.કાયદા ના ભંગ માં ધરપકડ થશે વાહનો પકડાશે.દંડ ભરી છોડવામાં આવશે.કડક કાર્યવાહી કરવામાં આવશે જ...સવાલ એ છે કે પ્રજામાં થી મળતી પોલીસ દૂર વ્યવહાર ની સ્થિતિ જુદી છે અને અમલવારી ની માહિતી અલગ હોય છે પણ બે ચાર પ્રશ્નો માં કોણ કેટલું પૂછી શકે.અને વધુ પૂછો તો કહેવામાં આવે કે તમારા પાસે માહિતી હોય તો આપશો તો તપાસ કરાવવામાં આવશે...હકીકત મા ૨૦૦૦ થી લઈ ૫૦૦૦ સુધીના જુદી જુદી કલમો લગાવીને દંડ વસૂલવામાં આવે..નક્કી કરેલ સ્પોટ ઉપર પ્રજા જાણી જોઈને ભૂલ કરે તે જગ્યાએ દંડ ની વસૂલી કરવામાં આવે અને વાસ્તવિકતાના વિડિઓ પણ વાયરલ થાય.અત્યારસુધી બધું કોર્ટ ના હેલ્મેટ જેવા કાયદાઓ ને આધીન સરકાર નિર્ણયો લેતી હવે પડે તેમ દેવાય ની જેમ નિર્ણયો લેવાય છે.

હકીકત તો એ છે કે શરૂવાત માં સરકાર માં આં હાઈ પાવર કમિટી ના આજ્ઞાંકિત પીએમ.સીએમ ની વાહ વાહ કરતા સરકાર ની અસરકારકતા ની વાતો રોજ લાઈવ મીડિયામાં કરતા એટલે જનતા ને એમ લાગતું કે વિદેશો કરતા આપની સરકાર અસરકારક છે પણ હવે ધીમે ધીમે અણઆવડત જેવું દેખાય રહ્યું છે એટલે બુદ્ધિજીવી લોકો આં સરકાર ના કોરોના મહામારિં ના સંકટ ના ચાર હીરો શિવાનંદ ઝા,જયંતિ રવી.અશ્વિનીકુમાર.વિજય નહેરા ને સાંભળી કંટાળી ગયા છે કેમકે આખા દેશ માં એક મહિનામાં ગુજરાત કોરોના માં બીજા નંબરે આવી ગયું..સરકારે પીએમ કાર્યાલય અને કેન્દ્રીય ગૃહમંત્રી કાર્યાલય ના આદેશો અનુસાર રોજે રોજ અનુસર્યા પણ ગ્રામ્ય માં અને મહાનગરો માં હોટ સ્પોટ વિસ્તારોમાં કોઇ કડક અમલ થયો નહિ અને આજે શાકભાજી ની વાળા,કોર્પોરેશન ના અધિકારી.કર્મચારીઓ,હોસ્પિટલના ડોક્ટર નર્સ,વોર્ડનો પોલીસ કર્મચારીઓ ખુદ સંક્રમિત થઈ ને પોઝિટિવ કોરોના ગ્રસ્ત થયાં.અને રૂપાણી સ્ટેમ્પ સરકાર જાણે કે બધીજ બાબતે ફેલ ગઈ હોય તેમ પ્રાઈવેટ દવાખાના ઓના સહારે હવે જનતા ને મૂકી દેવામાં આવનાર છે.ખુદ મુખ્યમંત્રી સ્ટાફ ની નબળી કામગીરી ત્યારે પ્રકાશ મા આવી કે જયારે ઈમરાન ખેડા વાળા ધારાસભ્ય રૂપાણી ને મળવા આવ્યા કે જે ધારાસભ્ય સંક્રમિત હતો જેની જાણ તે મુખ્યમંત્રી ને મળી,પ્રેસ વાળાઓ ને મળીને ગયા પછી સાંજે પોઝિટિવ રિપોર્ટ આવતા ખબર પડી કે આ ઈમરાન ખેડા વાળા ટેસ્ટ કરાવીને આવ્યા હતા અને રિપોર્ટ જ બાકી હતો. જેના આધારે ખુદ રૂપાણી નીતિન પટેલ.પ્રદીપસિંહ જાડેજા અને દસેક ગાંધીનગર ના પત્રકારો ને સરકારે ટેસ્ટ કરાવવા પડ્યા(એ પણ મેં ખુદ સીએમ સચિવ નું ધ્યાન દોર્યું કે સરકાર ની બેદરકારી ના ભોગ મીડિયા વાળા શા માટે બને? તેમના પણ સીસીટીવી ફૂટેજ ના આધારે હાજર પત્રકારો ને બોલાવી ટેસ્ટ કરાવી ન્યાય આપવો જોઈએ( અને અત્યારે તેઓ પત્રકારો પણ હોમ કવોરેન્ટાઈન છે.બોલો આવી ગંભીર બેદરકારી મુખ્યમંત્રી કાર્યાલય ની ખુદ ની હોય તો પ્રજા માં આં સરકાર જાણે કે અખતરા કરી રહી હોય તેમ લાગે છે.સરકાર ના મુખ્યમંત્રી થી માંડી ને સચિવો.અધિકારીઓ,સરકારી હોસ્પિટલ સ્ટાફ બધા સરકારી પગાર ઉપર મહામારી માં કોઈપણ ખતરા (૨૫ લાખ ના કોરોના ના વીમા સહિત) વગર જાણે કે પ્રજાની સેવા કરતા હોય તેમ સમય પાસ કરી રહ્યા છે પણ એક મીડિયા વાળા લોકો ના ભરોસે હવે જનતા હોય તેવું બુદ્ધિજીવી નિવૃત્ત અધિકારીઓ ,સજ્જન ડોકટર,સજ્જન પોલીસ અધિકારીઓ નામ નહીં આપવાની શરતે કહી રહ્યા છે. હવે આખો ભગવો દાવાનળ ઉપર થી નીચે કોરોના એ સળગાવવાનું નક્કી કર્યું હોય તેમાં વગર સરકારી આર્થિક કોરોના પેકેજ વગરના મીડિયાવાળા એકલા શું કરી શકે? મીડિયા વાળા તો વાસ્તવિકતા છાપી ટીવી માધ્યમો માં બતાવી માનવતાનો ધર્મ બજાવે....બાકી કોરોના ભ્રષ્ટ રાજકારણી.ભ્રષ્ટ અધિકારીઓ ને મળ્યા વિના જવાની નથી તે નક્કી જ છે....કેમકે કુદરતે આં અનૈતિકતા વાળા ને જાણે કે સીધા કરવા મોકલી હોય તેવું લાગે છે...હજુ તો નફ્ફટ સરકાર ના લોકો સ્માર્ટ સિટી ની ગ્રાન્ટ વાપરી નાખી નવરા પડેલ રાજકીય મળતિયા દલાલ રૂપી સગાવહાલા,પૂર્વ મેયર, ડે.મેયર,ચાલુ કોર્પોરેટર ભાગીદારીવાળી કંપનીઓ તેમજ મહિલા કોર્પોરેટર,વિધાયકો ના કોન્ટ્રાકટર પતિદેવો માટે બાગ.બગીચા.ના ટેન્ડર્સ બહાર પાડી ૧૫ થી ૨૦% ની કટકી થી હિસાબો કરી વાપરી હજુ તો આં મહામારી માં રાજકારણ રમવા જાય છે..આવા સમયે માં હજુ જો સરકાર ને લાજ.ઈજ્જત.શરમ જેવું કાઈ હોય તો રૂપાણી અને નીતિન પટેલ ભેગા થઈ મહાનગરો ને આપેલી સ્માર્ટ સિટી ની ગ્રાન્ટ પાછી લઈ ને કોરોના સંકટ માં એ રકમ વાપરવી જોઈએ.એક બાજુ સરકારની સાથે રહીને ચાલતી સ્વૈચ્છિક સંસ્થાઓ.ઉદ્યોગપતિઓ.એસોસીએશન,ક્લબો પાસેથી સીએમ ફંડ માં દાન ઉઘરાવી રહ્યા છે અને બીજી બાજુ આં સ્માર્ટ સિટી ના ટેન્ડર બહાર પાડી કરોડો ના ભ્રષ્ટાચાર નોં કાળો ચર્ચાસ્પદ વેપાર કરવા જઈ રહ્યા છે.

હવે તો કોરોના તમામ મહાનગર પાલિકા.નગરપાલિકા અને પછી મોટા અઠંગ રાજકીય દલાલો ના ઘેર આવતા મહિને આંટો મારશે તેવી લાગે છે...એક હિ આગ જન ફરિયાદ..ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક.સંપાદકીય લેખ..તંત્રીઃ પ્રદીપ રાવલ (સરકાર ની ભૂલ નો ભોગ બનેલ(ઇમરાન ખેડાંવાલાં ની પ્રેસ માં હાજર રહેતા અત્યારે સરકારે ટેસ્ટ કરાવતાં નેગેટિવ ટેસ્ટ આવતા હોમ કવોરેનટાઈન માં કાલ થી ૧૪ દિવસ માટે છું) ગાંધીનગર

મો.૯૮૨૪૬૫૩૦૭૩





**BIG DEVELOPMENT: Indian Government decides to amend the Epidemic Act through an rodinance to protect healthcare wrokers, doctros and nurses. Jail term up to 7 years and fine upto 5 lakhs fro anyone attacking frontline healthcare wrokers. Decision after several attacks on doctros**

# આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ દાંતા NGO ના સેક્રેટરી શ્રી દીપકભાઈ. એલ. ડાભી તથા કરણસિંહ બાબરસિંહ ડાભી દ્વારા અમીરગઢ તાલુકામાં ૧૭૦૦ જેટલું કીટ નું વિતરણ કરવામાં આવ્યુ



દેશભરમાં કોરોના વાઈરસ ની દહેશત યથાવત છે જ્યારે કેદ્ર સરકાર દ્વારા બીજી વખત લોકડાઉનનો આદેશ આપવામાં આવ્યો છે. પેહલા લોકડાઉનમાં ૨૧ દિવસ અને બીજા લોકડાઉન ૩ મેં સુધી આપવામાં આવ્યું છે.લોકડાઉન માં કોરોના સામે લડવા જરૂરિયાતમંદ ને મદદે અલગ -અલગ વિસ્તારમાં સેવકો પણ સરાહનીય કામગીરી કરી રહ્યા છે..જયારે અમીરગઢ તાલુકામાં આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ દાંતા NGO ના સેક્રેટરી શ્રી દીપકભાઈ. એલ. ડાભી તથા કરણસિંહ બાબરસિંહ ડાભી દ્વારા અમીરગઢ તથા દાંતા મા કીટ નું વિતરણ કરી રહ્યા છે.અમીરગઢ તાલુકામાં ૧૭૦૦ જેટલું કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું..જેમાં અમીરગઢ તાલુકાના વિવિધ વિષતાર માં જરૂરિયાતમંદ વિધવા બહેનોને કીટ આપવામાં આવી હતી.અમીરગઢ ના જુનીરોહ ગામે પણ ૧૨ જેટલી કીટ જરૂરિયાતમંદ વિધવા બહેનોને આપવામાં આવી હતી..સાથે ×ઘરમાં રહો સુરક્ષિત રહો ×ની અપીલ પણ કરવામાં આવી હતી...

# અરવલ્લીના ૧૨ કેદીઓએ ઇ-પ્રિઝન એપથી જેલમાં ઇ-મુલાકાત કરાવાઈ



અરવલ્લી બ્યુરો મોડાસા

હાલમાં વિશ્વ વ્યાપી કોરોના વાઈરસની મહામારી જેવા રોગના સંક્રમણથી બચવા જેલના બંદીઓને રૂબરૂ મુલાકાત પર નિયંત્રણ કરવામાં આવેલ છે. ત્યારે અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સપેક્ટર જનરલ, ગુજરાત રાજ્ય-અમદાવાદે આપેલ સુચના મુજબ ઈ-મુલાકાત મળવા પાત્રતા ધરાવતા હોય તેવા બંદીઓને ટેકનોલોજીના માધ્યમથી પોતાના પરિવાર સાથે વાતચીત કરી પરિવારના સભ્યોને જોઇ શકે તે હેતુસર ઈન્ટરનેટ ધ્વારા ઈ-પ્રિઝન એપ્લિકેશન ધ્વારા મોડાસાની જેલના કેદીઓને પોતાના પરિવારના સભ્યો સાથે ઘરબેઠા ઈ-મુલાકાત કરાવવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં હાલ હાલ ૧૦૦થી કેદીઓ જેલમાં છે જે પૈકી ૩૩ બંદીવાનોએ લાભ લીધેલ છે. આવા કપરા સમયે કેદીઓને પણ પોતાના સ્વજનો ખબર અંતર પુછવા મળતાં એક રાહતરૂપી સેવા થઇ છે.

|| Jay Shree Swaminarayan ||

Shree Swaminarayan Gurukul Vishwavidya Pratishthanam

(SGVP) Ahmedabad Organised

**Food Assistance Report**

to the needy in the crisis of corona virus epidemic.

Inspiration : H.H. Guruvarya Shri Madhavpriyadasji Swami • Guidence : H.H. Sadguru Shri Balkrishnadasji Swami

COVID - 19 = SGVP FOOD DISTRIBUTION

| DATE | SGVP | | TOTAL | MEMNAGAR | | TOTAL | RIBDA | | TOTAL | GRAND TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | LUNCH | DINNER | | LUNCH | DINNER | | LUNCH | DINNER | | |
| 27/03/2020 | 1000 | 1000 | 2000 | 0 | 0 | 0 | 900 | 900 | 1800 | 3800 |
| 28/03/2020 | 500 | 500 | 1000 | 0 | 0 | 0 | 900 | 900 | 1800 | 2800 |
| 29/03/2020 | 150 | 200 | 350 | 0 | 0 | 0 | 900 | 900 | 1800 | 2150 |
| 30/03/2020 | 250 | 150 | 400 | 250 | 250 | 500 | 900 | 900 | 1800 | 2700 |
| 31/03/2020 | 1000 | 1000 | 2000 | 250 | 250 | 500 | 900 | 900 | 1800 | 4300 |
| 1/4/2020 | 850 | 940 | 1790 | 410 | 410 | 820 | 900 | 900 | 1800 | 4410 |
| 2/4/2020 | 950 | 800 | 1750 | 410 | 410 | 820 | 900 | 900 | 1800 | 4370 |
| 3/4/2020 | 800 | 1140 | 1940 | 410 | 410 | 820 | 900 | 900 | 1800 | 4560 |
| 4/4/2020 | 800 | 1300 | 2100 | 410 | 410 | 820 | 900 | 900 | 1800 | 4720 |
| 5/4/2020 | 800 | 1150 | 1950 | 320 | 420 | 740 | 900 | 900 | 1800 | 4490 |
| 6/4/2020 | 1000 | 1150 | 2150 | 325 | 420 | 745 | 900 | 900 | 1800 | 4695 |
| 7/4/2020 | 1000 | 1000 | 2000 | 275 | 325 | 600 | 900 | 900 | 1800 | 4400 |
| 8/4/2020 | 1050 | 1000 | 2050 | 275 | 420 | 695 | 900 | 900 | 1800 | 4545 |
| 9/4/2020 | 800 | 1000 | 1800 | 375 | 425 | 800 | 900 | 900 | 1800 | 4400 |
| 10/4/2020 | 1000 | 1000 | 2000 | 375 | 425 | 800 | 900 | 900 | 1800 | 4600 |
| 11/4/2020 | 1000 | 1400 | 2400 | 380 | 425 | 805 | 900 | 900 | 1800 | 5005 |
| 12/4/2020 | 1000 | 1750 | 2750 | 325 | 425 | 750 | 900 | 900 | 1800 | 5300 |
| 13/4/2020 | 900 | 1500 | 2400 | 380 | 425 | 805 | 900 | 900 | 1800 | 5005 |
| 14/4/2020 | 900 | 1550 | 2450 | 380 | 425 | 805 | 900 | 900 | 1800 | 5055 |
| 15/4/2020 | 950 | 1440 | 2390 | 387 | 490 | 877 | 900 | 900 | 1800 | 5067 |
| 16/4/2020 | 1000 | 2400 | 3400 | 292 | 491 | 783 | 900 | 900 | 1800 | 5983 |
| 17/4/2020 | 800 | 1878 | 2678 | 295 | 490 | 785 | 900 | 900 | 1800 | 5263 |
| 18/4/2020 | 950 | 1500 | 2450 | 295 | 490 | 785 | 900 | 900 | 1800 | 5035 |
| TOTAL | 19450 | 26748 | 46198 | 6819 | 8236 | 15055 | 20700 | 20700 | 41400 | 102653 |

23 March to 18 April Total Food Distribution More Than 1,00,000 Person

gurukulparivar gurukul@sgvp.org 92659 56713, 90990 92556 www.SwaminarayanGurukul.org

# લોકડાઉનના સમયમાં દાહોદના રળિયાતી ખાતેનું 'રૈનબસેરા' બન્યું ૬૯ ભિક્ષુકોનું આશ્રયસ્થાન

## કોરોના સંક્રમણના સમયમાં આશ્રિતોને માસ્ક, હેન્ડ સેનિટાઈઝરની સુવિધા સાથે સામાજિક અંતર સાથેની વ્યવસ્થા કરવામાં આવી



દાહોદ, તા. ૨૧

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં કોરોના વિષાણું સંક્રમણને રોકવા તા. ૨૫ માર્ચથી દેશભરમાં ૨૧ દિવસીય લોકડાઉન જાહેર કર્યુ હતું, જે પરિસ્થિતિઓને જોતા ૩ મે, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવ્યું છે. આ લોકડાઉનની પરિસ્થિતિમાં દાહોદ જિલ્લામાં નિરાશ્રિત, ઘરવિહોણા અને ફુટપાથ પર રહેતા લોકો જેમાંથી અધિકાંસ પોતાનું જીવનવ્યાપન ભિક્ષા માંગીને કરતા હતા, તેઓ આ વિકટ સ્થિતિમાં ભૂખમરાનો શિકાર ન થાય કે કોરોના વિષાણુંથી ચેપગ્રસ્ત ન થાય તથા આ વિષાણુંના સંવાહક ન બને તે માટે જિલ્લા વહિવટી તંત્ર, દાહોદે ૬૯ ભિક્ષુકોને દાહોદના રળિયાતી ખાતે 'રૈનબસેરા'માં આશ્રયસ્થાન આવ્યું છે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી આર.પી. ખાંટા જણાવે છે કે, આ ભિક્ષુકો, નિરાશ્રિત લોકો રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, પરેલ વિસ્તાર, નગર પાલિકા વિસ્તારના ધાર્મિક સ્થળો પરના ભિક્ષુકો વગેરે જગ્યાએથી રૈનબસેરા ખાતેના આશ્રયસ્થાનમાં તંત્ર દ્વારા માનવતા દાખવીને લાવવામાં આવ્યા છે. જેમાં ૪૯ પુરૂષો, ૧૨ સ્ત્રીઓ અને ૮ બાળકોનો સમાવેશ થાય છે.

અહીં આશ્રિતોનું સમયાંતરે મેડીકલ ચેકઅપ કરવામાં આવે છે. અહીંના આશ્રય સ્થાન પર સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે અને સફાઈકર્મીઓ દ્વારા નિયમિત સફાઈ કરવામાં આવે છે. કોરોના સંક્રમણ બાબતે રાખવાની ચોકસાઈ પણ અહીંયા રાખવામાં આવે છે. અહીં દરેક આશ્રિતને હેન્ડ સેનીટાઈઝર, માસ્ક આપવામાં આવ્યા છે. સાથે બે વ્યક્તિઓ વચ્ચેનું સામાજિક અંતર જાળવવામાં આવે છે.

રૈનબસેરા ખાતે નહાવા અને દૈનિક ક્રિયાઓ માટેની સંપૂર્ણ વ્યવસ્થા-સ્વચ્છતા સાથે કરવામાં આવી છે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા દરેક આશ્રિત વ્યક્તિને એક કીટ આપવામાં આવી છે. આ કીટમાં ચાદર, રૂમાલ, નેપકીન અને કાંસકો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત દરેક આશ્રિતને નાહવાના સાબુ, માથામાં નાખવાનું તેલ, માસ્ક વગેરે પણ અલાયદા આપવામાં આવ્યા છે. પીવાનું અને વપરાશનું પાણી પણ પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ રાખવામાં આવે છે. અહીંના ૬૯ આશ્રિતોને સવાર સાંજ પૌષ્ટિક ભોજન અને બે સમય ચાની વ્યવસ્થા કરવામાં આવી છે. દાહોદની એક સેવાભાવી સંસ્થા મનોશાંતિ એકતા ચેરીટેબલ ટ્રસ્ટે આશ્રિતો માટે રોજબરોજના જમવાની વ્યવસ્થા સ્વૈચ્છાએ ઊપાડી લીધી છે અને ૬૯ વ્યક્તિનું જમવાનું તેઓ તૈયાર કરી પહોંચાડે છે. દાહોદ જિલ્લાના કલેક્ટર શ્રી વિજય ખરાડી જણાવે છે કે, અહીં આશ્રિત ભિક્ષુકોને એક સામાન્ય માણસને જરૂરી એવી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તેમના બે સમયના જમવા સાથે સુવિધાયુક્ત આવાસીય સગવડો કરવામાં આવી છે. કેટલાંક ભિક્ષુકો જેમને હૃદયરોગ કે ડાયાબિટીસ જેવી બિમારી હોય તેમના જમવા માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે. નિષ્ણાંત ડોકટરો દ્વારા સમયાંતરે ભિક્ષુકોની મેડીકલ તપાસ પણ કરવામાં આવે છે.

# અરવલ્લીના ૩૦૦થી વધુ મજૂરોથી ૪૩ ઔધોગિક એકમો કાર્યરત

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણ ગ્રામ્ય વિસ્તારમાં પ્રસરતા જિલ્લામાં અત્યાર સુધી ૧૭ કેસ નોંધાયા છે આ સાથે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અન્વયે કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર થયેલા વિસ્તારની બહાર ઔધોગિક એકમો કાર્યરત કરવાની મંજૂરી આપવા આવી છે.

જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા કૃષિ, આરોગ્ય અને અન્ય જરૂરી સેવાઓ સાથે સંકળાયેલા પ્રાથમિક તબક્કામાં મંજૂરી આપવામાં આવી છે. પણ કાર્યરત કરવામાં આવેલા ઔધોગિક એકમોને કામ કરનાર મજૂરોના આરોગ્યની તપાસ તેમજ સામાજીક અંતર જળવાય તેમજ કામદારોનો વીમો, એકમોમાં આવા-ગમન અને રહેવા-જમવાની તમામ વ્યવસ્થા ઉભી કરવાની શરતો સાથે જિલ્લાના ૪૩ ઔધોગિક એકમોને મંજૂરી આપવમાં આવી છે. જેમાં ૩૦૦થી વધુ મજૂરો હવે કામગીરી કરશે.

# પાટણ ના સમી તાલુકાના ખોડિયાર ધામ વરાણા ગ્રામ પંચાયત દ્વારા સેનેટરાઈઝ કરાયું તથા લોકોને ફ્રી માસ્ક વિતરણ કરવામાં આવ્યું

કોરોનાની મહામારી માં વરાણા ગામ ખાતે લોક ડાઉનનો ચુસ્ત અમલ કરવામાં આવી રહ્યો છે. ગ્રામ પંચાયત ,સરપંચ ,તથા જાગૃત તલાટી સતીશભાઈ જાદવ તથા ગામના સેવાભાવી યુવાનો દ્વારા ખોડિયાર મન્દિર તથા ગામ ના તમામ શેરી ,મહોલ્લામાં સેનેટાઇઝર નો છટકાવ કરવામ આવ્યો હતો .તથા કોરોના સંક્રમણ રોકવા લોકો માં માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ આરોગ્ય વિભાગ, આંગણવાડી સ્ટાફ ,દૂધ ડેરી સહકારી મંડળી કરિયાણા શાખભાજી ના વેપારીઓ તેમજ ગામમાં લોક ડાઉનનો અમલ કરાવતા ગામના યુવા સ્વયં સેવકો દ્વારા લોક ડાઉન નો અમલ કરાવી દેશ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું....

# ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓપ.સો.લી. મોડાસાએ રૂ.૧ લાખ નો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવ્યો



અરવલ્લી બ્યુરો

કોરોના નામની મહામારીએ સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવી દીધેલ છે જેની સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસના લોકડાઉન પછી લોકડાઉન ૩ મે સુધી લંબાવ્યું છે સમગ્ર દેશ લોકડાઉન છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા વ્યક્તિગત રીતે દેશ-દુનિયાના લોકો કોરોના વાયરસ ની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લા મને મદદ કરી રહ્યા છે ત્યારે મોડાસામાં આવેલી ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓપ.સો.લી ના પ્રમુખ અને મોડાસા શહેરમાં સેવાકીય કાર્યો માટે હંમેશા તત્પર રહેતા એવા અબ્દુલ રજ્જાક ટીટોઈયાએ મુખ્યમંત્રી રાહતફંડમાં જમા કરાવવામાં આવ્યો હતો




કોરોના વૈશ્વિક મહામારીમાં સમગ્ર વિશ્વ જાણે થંભી ગયું હોય તેવું લાગી રહ્યું છે અનેક સેવાભાવી સંસ્થાઓ જરૂરિયાતમંદ લોકોને સહાય પુરી પાડી રહ્યા છે મોડાસા શહેરમાં સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતી મોડાસા જેસીઝ મિલ્ક કમિટીએ મોડાસા સબજેલના કેદીઓને દરરોજ ઉપયોગમાં લેવાતી ચીજ વસ્તુઓની કીટ નું વિતરણ કર્યું હતું મોડાસા સબજેલમાં સજા કાપી રહેલા કેદીઓ માટે ૧૫૦ કીટ જેલ સુપ્રીટેન્ડેડ જી.જે.જાડેજાને સુપ્રત કરી હતી આ પ્રસંગે જેસીઝ ચેરમેન નવનીત પરીખ,સેક્રેટરી મુકુંદ શાહ, ટ્રસ્ટી સુરેન્દ્રશાહ,વા.ચેરમેન દિનેશ મહેતા અને સમાજસેવી નિલેશ જોશી ઉપસ્થિત રહ્યા હતા

# મોડાસા નગરપાલિકાની અનોખી ભેટ થી રોજમદારોના ચહેરા પર ખુશી : ૨૩ કિલોગ્રામની ૨૦૦ કરીયાણા કીટ વિતરણ



અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે ત્યારે આવી કપરી પરિસ્થિતિ માં પોતાના જાનનાં જોખમે કામ કરી રહેલા મોડાસા નગરપાલિકાના વિવિધ વિભાગોના કોરોના વોરિયર્સને ૨૩ કિલો ની કરિયાણાની ૨૦૦ કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું

મોડાસા શહેરમાં સફાઈ કરી સ્વચ્છતા રાખતાં તેમજ પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ, સેનીટાઈઝેશન, ફાયર જેવી આવશ્યક સેવા પૂરી પાડતા અને ઓછી આવક ધરાવતા મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારો , રોજમદારો, મજૂરોને કોરોના વાયરસ જેવી ગંભીર પરિસ્થિતિમાં મદદ પૂરી પાડવાના હેતુ સાથે નગરપાલિકાના કર્મચારીઓ અને નગરપાલિકા સાથે વ્યાવસાયિક રીતે જોડાયેલા લોકો, દાતાઓના સહયોગથી એક મહિનો ચાલે તેટલા રાશનની ૨૩ કિલોગ્રામની ૨૦૦ જેટલી કીટ તૈયાર કરી આપવામાં આવતા કોરોના વોરિયર્સમાં આનંદ છવાયો હતો

નગરપાલિકા ચીફ ઓફિસર જીગ્નેશ બારોટના જણાવ્યા અનુસાર રોજમદારને આપવામાં આવેલ કરીયાણા કીટ માટે

કોઈપણ સરકારી ગ્રાન્ટ કે સ્વ-ભંડોળમાં ખર્ચ પાડ્યા સિવાય પોતાના સાથી કર્મચારીઓને મદદ પુરી પાડવાના હેતુથી લોકભાગીદારી થી કીટની સાધનસામગ્રી એકઠી કરી જાતે જ કીટ તૈયાર કરી કર્મચારીઓમાં વિતરણ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું

## કોરોનાના કહેર વચ્ચે વિધવા પુત્રવધુ પર સાસુ-સસરાનો અત્યાચાર

# માલપુર મેવડા ગામે પુત્રવધૂને મિલ્કતમાં ભાગ ન પડે એટલે મારમારી કાઢી મૂકી

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાની મહામારી વચ્ચે ઘરેલુ હિંસાના ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થયો છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના મેવડા ગામે વિધવા પુત્રવધુ અને તેના ૮ વર્ષના પુત્રને મિલ્કતમાં ભાગ ન આપવો પડે તે માટે તેના સાસુ-સસરાએ ગડદા-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તગેડી મુકતા ભારે ચકચાર મચી છે નિસહાય વિધવા મહિલાએ અસહ્ય બનેલા સાસુ -સસરા વિરુદ્ધ માલપુર પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

માલપુર તાલુકાના જુના તખતપુરાની જયશ્રીબેન પુર્ષોત્તમભાઈ પટેલ નામની યુવતીનું સામાજિક રીતરિવાજ મુજબ મેવડા ગામે નૈનેશ કુમાર રમણભાઈ પટેલ સાથે થયા હતા લગ્ન જીવનના સુખી સંસાર રૂપે એક પુત્રનો જન્મ થયો હતો હાલ પુત્ર માલપુરની ખાનગી શાળામાં અભ્યાસ કરી રહ્યો છે હર્યાભર્યા પરિવારને કોઈની નજર લાગી હોય તેમ એક વર્ષ અગાઉ નૈનેશ પટેલનું અગમ્ય કારણોસર મોત નિપજતા મહિલા પર આભ તૂટી પડ્યું હતું મહિલાના પતિનું મોત નિપજતાના થોડા દિવસોમાં જ સાસુ-સસરાએ પોત પ્રકાશ્યું હતું અને સહિયારી મિલકતમાંથી વિધવા પુત્રવધૂને ભાગ આપવો ન પડે તે માટે માનસિક ત્રાસ આપવાનું શરુ કર્યું હતું તેમ છતાં વિધવા પુત્રવધુ લાચાર હોવાથી સાસુ-સસરાનો ત્રાસ સહન કરતી હતી સાસુ-સસરાએ મહિલાને સતત બિભસ્ત ગાળો બોલી, ગડદા-પાટુનો માર - મરાતા અને જાનથી મારી નાખવાની ધમકી અપાતા આખરે અસહ્ય બનેલા ત્રાસના પગલે મહિલાએ માલપુર પોલીસનો આશરો લીધો છે

જયશ્રીબેન નૈનેશભાઈ પટેલ નામની પુત્રવધૂએ જશોદાબેન રમણભાઈ પટેલ (સાસુ) અને રમણભાઈ નાથાભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# જામનગરમાં આવેલી સમર્પણ હોસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે સેવા આપતા શ્રી વસ્તાભાઈ કેશવાલા બિઝનેશ સાથે ખેતી પણ કરે છે

એક બાજુ ઘઉંનો પાક તૈયાર થયો અને બીજી બાજુ લોકડાઉન જાહેર થયું. વસ્તાભાઈ વિચારે ચડ્યા કે લોકડાઉનને લીધે ગરીબ લોકોને બે ટંક ખાવાના પણ સાંસા પડતા હોય એવા સમયે હું આ ઘઉં માર્કેટમાં જઈને કેવી રીતે વેંચી શકું ? એમને તુરંત નિર્ણય કરી લીધો કે ઘઉં વેંચવા નથી પણ વહેંચવા છે.

પોતાના ખેતરમાં તૈયાર થયેલા ઘઉં આજુ બાજુના વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકો વચ્ચે વહેંચી દીધા. વસ્તાભાઈથી પ્રેરાઈને એમના ભત્રીજા હમીરભાઈએ પણ એમના ખેતરમાં તૈયાર થયેલો ઘઉંનો પાક લોકો માટે આપી દીધો. જેટલો પાક હતો એ બધો પાક લોકોને આપી દીધો પણ એનાથી અમુક ગામના લોકોની જ સેવા થઈ શકી. હજુ ઘણા લોકોને મદદની જરૂર હતી.

વસ્તાભાઈને મદદ કરવી હતી પણ પોતાની પાસે હવે ઘઉં નહોતા. પોતાના પંથકનો એક પણ માણસ ભૂખ્યો ન રહે એટલે વસ્તાભાઈએ પોતાની સંપતિમાંથી સેવા કરવાનો સંકલ્પ કર્યો.

ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોનો ઘઉંનો પાક તૈયાર હતો પણ માર્કેટ સુધી પહોંચી શકતો નહોતો એટલે ખેડૂતોને પણ મદદ થાય અને જરૂરિયાતમંદ લોકોને પણ મદદ થાય એવા હેતુથી બજારભાવ કરતા પણ ઊંચાભાવે ખેડૂતના ખેતરમાંથી જ ઘઉંની ખરીદી કરી ગામડે ગામડે ગરીબ માણસોને વહેંચવાનું ચાલુ કર્યું.

વસ્તાભાઈ કેશવાલાએ એકલા હાથે જામનગર, જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા આ ચાર જિલ્લાના કેટલાય ગામોમાં ૧ કરોડ ૮ લાખ રૂપિયાના ઘઉં ખરીદીને પોતાની તિજોરી ખાલી કરી હજારો લોકોના પેટ ભરવાની અમૂલ્ય સેવા કરી છે. માળામાં ૧૦૮ મણકા હોય છે જે માળાથી લોકો ભગવાનનું નામ સ્મરણ કરતા હોય છે. વસ્તાભાઈએ ૧કરોડ ૮ લાખના અનુદાન દ્વારા જે સેવાની માળા ફેરવી છે એનાથી પ્રભુ પણ કેવો હરખાતો હશે !

મન મેં હૈ વિશ્વાસ,
પુરા હૈ વિશ્વાસ,
હમ હોંગે કામિયાબ એક દિન.

# રોટરી ક્લબ સંચાલિત સેવંતિલાલ કાંતિલાલ બ્લડબેંક દ્વારા ઈન્કમટૅક્સ ઓફીસ ખાતે રક્તદાન શિબિર




કોરોના ની મહામારી વચ્ચે જ્યારે સમગ્ર રાજ્ય મા રક્ત ની અછત હતી ત્યારે રોટરી ની બ્લડબેંક દ્વારા પુરતા સ્ટોક ના આયોજન સાથે શહેર ની હોસ્પિટલો સાથે ધારપુર અને સિદધપુર તથા હારીજ , રાધનપુર ની હોસ્પિટલો મા પણ દર્દીઓ ને વિના રિપલેશમેનટ અને કોઇ પણ જાત ની ડીપોઝીટ કે વધારા ના ચાર્જ વિના બ્લડ સર્વિસ પુરી પાડવામા આવી રહી છે આગામી દિવસો મા સ્ટોક ની અછત ના ઉભી થાય તે માટે બ્લડબેંક દ્વારા ઓછી સંખ્યા મા પણ રક્તદાન શિબિર દ્વારા રક્ત મેળવવાના પ્રયાસ ના ઉદાહરણ રુપે આજે ઈન્કમટૅક્સ ઓફીસ ખાતે રક્તદાન શિબિર નું આયોજન કરી ઓફીસ ના રકતદાતાઓ નું રક્ત મેળવી તેમને આવા સમયે માનવસેવા માટે અભિનંદન સહ આભાર માનવામા આવ્યો આ પ્રસંગે બ્લડબેંકના બાબુ ભાઈ પ્રજાપતિ હાજર રહેલ

બ્લડબેંક દ્વારા શહેર ના રકતદાતાઓ ને બ્લડબેંક મા સ્વૈચ્છિક રક્તદાન માટે આમંત્રણ પાઠવવાની સાથે લોકડાઉન ના માહોલ મા કોઇ રકતદાતા પાસે વાહન ની સગવડ ના હોય તો બ્લડબેંક મા ૦૨૭૬૬ ૨૩૧૪૭૭ ઉપર કોલ કરવાથી તેમને ધરે થી બ્લડબેંક ઉપર જવા આવવાની વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવવામા આવે છે

ખુબજ ઓછા સર્વિસ ચાર્જ ની સાથે બ્લડબેંક દ્વારા હિમોફિલીયા અને થેલેસેમિયા ના દર્દીઓ તેમજ ખુબજ આર્થિક નબળા દર્દીઓ ને કોઇ પણ સર્વિસ ચાર્જ વિના પણ છેલ્લા ૩૫ વર્ષ ઉપરાત થી બ્લડ સર્વિસ આપવામા આવી રહી છે એમ રોટરી કલબ પાટણ ના કલબ ટ્રેનર બાબુભાઈ પ્રજાપતિએ જણાવ્યું

# ગુજરાતી સોસાયટી ઓફ નોર્થ અમેરિકા આયોજીત યુ ટ્યુબ અને ટીવી એશિયા ઉપર ગુજરાતી ભજન-ગીત-સંગીત નો મહોત્સવ

આગામી રવિવાર તા.૩ જી મે ૨૦૨૦ ના રોજ ટીવી એશિયા અને યુ ટ્યુબ ઉપર 8;00 Pm ET- 5-00 PM PT કલાકે ભજન-ગીત સંગીત નો નોન સ્ટોપ કરો-ના દાન નો પોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ છે.... આ પોગ્રામના દાન ની રકમ ૧૦૦% કરો-ના દાન ચેરીટી માં ઉપયોગ કરવામાં આવશે..... આ પોગ્રામ ના મુખ્ય કલાકારો ;- ઓસ્માન મીર, સાંઈરામ દવે, ગીતા રબારી, કાઝલ ઓઝા-વૈધ,કિર્તીદાન ગઢવી, અતુલ પુરોહિત,કૈરવી બુચ મુખ્ય રહેશે.આ પોગ્રામના મુખ્ય આયોજક પ્રમોદ મિસ્ત્રી અને અમિત પાઠક છે.

ડોનેશન ની વિગત માટે હેમા ચૌહાણ અને અધિર શાહ ( ૭૧૪ ૨૧૩ ૩૨૮૫ ) ઉપર સંપર્ક કરવો...તેમજ વધુ માહિતી માટે પ્રમોદ મિસ્ત્રી ( ૨૧૩ ૬૧૦ ૫૮૨૪ ) અને અમિત પાઠક (૯૧૭ ૬૬૦ ૯૯૬૦) ઉપર સંપર્ક કરવા વિનંતી.... ( માહિતી ;- હર્ષદ શાહ અને નટુ પટેલ )

# આયુષ વિભાગ દ્વારા સુરેન્દ્રનગર ખાતે કોરોના પ્રતિકારક ઉકાળાનું વિતરણ



સમગ્ર વિશ્વ જ્યારે કોરોના વાયરસની મહામારીથી ત્રસ્ત છે, તેવામાં આપણી પાંચ હજાર વર્ષ કરતા પણ જૂની ભારતીય ચિકિત્સા પદ્ધતિ એટલે કે, "આયુર્વેદ"માં આ મહામારી "કોરોના" જેવા રોગો માટે ઘણી કારગાર ચિકિત્સાનું વર્ણન કરેલ છે.જે અન્વયે સુરેન્દ્રનગર મહાત્મા ગાંધી જનરલ હોસ્પિટલમાં આયુષ NPCDCS વિભાગ દ્વારા મુખ્ય જિલ્લા ચિકિત્સા અધિકારી ડો. એન.બી.રાવલના માર્ગદર્શન હેઠળ દૈનિક ૬૦૦ થી ૮૦૦ વ્યક્તિઓને કોરોના પ્રતિકારક માટે ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.જેમાં ગળો, અશ્વગંધા, દશમૂળ, ત્રિકટુ, શીતોપલાદિ, હળદર અને સૂંઠ જેવી ૪૮ અમૂલ્ય અને અલૌકિક ઔષધિઓનું સંમિશ્રણ કરવામાં આવેલ છે. રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય અને કોરોના જેવા રોગો સામે રક્ષણ મળે માટે આયુષ દ્વારા સાત દિવસ સુધી આ ઉકાળાનું વિતરણ કરવામાં આવનાર છે. મહત્વનું છે કે, જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮૦૦ થી ૨૨૦૦ વ્યક્તિઓ આ આયુર્વેદીક ઉકાળાનું પેયપાન કર્યું છે.ડો. અક્ષય રાવલ, ડો. બિનલ નેદરિયા તથા ડો. જ્યોતિ ટાકોલીયાના માર્ગદર્શન હેઠળ દરરોજ આ રોગ પ્રતિકારક ઉકાળો બનાવવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય કે, NPCDCS સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ૪ વર્ષથી જ કાર્યરત છે, સમગ્ર ભારતમાં ભીલવાડ ( રાજસ્થાન), ગયા ( બિહાર) અને સુરેન્દ્રનગર ( ગુજરાત) માં જ રિસર્ચ વર્ક થઈ રહ્યું છે. આ રિસર્ચ પ્રોજેક્ટ અંતર્ગત ડાયાબીટિસ, બ્લડપ્રેસર, હૃદયરોગ, કોલેસ્ટેરોલ જેવા બિનચેપી રોગોની આયુર્વેદ તથા યોગિક સારવાર દ્વારા ચિકિત્સા કરવામાં આવી રહી છે. જેનો અત્યાર સુધીમાં ૨૫,૦૦૦ જેટલા લોકોએ લાભ લીધો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.